CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૧૨   ગુરૂવાર તા.૦૮-૧૦-૨૦૨૬   અંક : ૯૧ વર્ષ : ૨૨   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# રશિયા દ્વારા યુક્રેનમાં મિસાઈલ હુમલામાં ૨૨ લોકોનાં મોત

## રહેણાંક વિસ્તારો પર રશિયન મિસાઈલો ત્રાટકતા ૬૦થી વધુ નાગરિકો ઘાયલ થયા

મોસ્કો,

યુક્રેને ૯૦૦થી વધુ ડ્રોનનો મારો ચલાવ્યા બાદ હવે રશિયાએ યુક્રેન પર તાજેતરનો સૌથી મોટો મિસાઈલ હુમલો કર્યો છે. રશિયાએ યુક્રેનના અનેક રહેણાંક વિસ્તારોમાં રાતભર હુમલા કર્યા હતા, જેમાં યુક્રેનના ૨૨થી વધુ નાગરિકોના મોત નિપજ્યા હતા. માર્યા ગયેલા લોકોમાં ચાર બાળકોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૬૦થી વધુ નાગરિકો ઘાયલ થયા છે જેમાંથી કેટલાકની સ્થિતિ ગંભીર છે.

રશિયાએ યુક્રેન પર કબજો કરવાના ઈરાદાથી સાડા ચાર વર્ષ પહેલા શરૂ કરેલુ યુદ્ધ હાલ પણ યથાવત છે, યુક્રેન અને રશિયા બન્ને એકબીજા પર લાંબા અંતરવાળી મિસાઈલો અને ડ્રોનથી હુમલા કરી રહ્યા છે. યુક્રેનના ઉત્તરીય પ્રાંત કેરનીહીવમાં પ્રીલુકી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ પર રશિયાએ હુમલો કર્યો હતો જેને કારણે આખી ઈમારત નાશ પામી હતી. આ હુમલામાં જ સૌથી વધુ નાગરિકો માર્યા ગયા હતા. યુક્રેનની રાજધાની કીવ સહિત અન્ય ત્રણ શહેરો સહિત કુલ ૧૨ જેટલા ક્ષેત્રોને નિશાન બનાવીને પણ હુમલા કરાયા હતા.

ઈરાનમાં યુદ્ધને કારણે હાલ યુક્રેન પાસે રશિયા જેવી મિસાઈલો નથી પહોંચી રહી, હાલ આ મિસાઈલોની અછત હોવાના અહેવાલો છે. યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે રશિયાની મિસાઈલો અમારા માટે હાલ સૌથી મોટો પડકાર બની ગઈ છે. અમારા માટે હાલ એર ડિફેન્સ પેકેજ બહુ જ જરૂરી છે. ઝેલેન્સ્કીએ અન્ય દેશો પાસેથી એર ડિફેન્સ સિસ્ટમ મુદ્દે મદદ માગી હતી. ૭મી ઓક્ટોબરે રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનનો ૭૫મો જન્મ દિવસ હોવાથી યુક્રેન પર આ મિસાઈલો છોડવામાં આવી હોવાના પણ અહેવાલો છે. યુક્રેનને પહેલાથી જ અંદાજ હતો કે પુતિનના જન્મ દિવસ પર રશિયા જરૂર મોટા હુમલા કરશે.

# લ્યો બોલો..ટ્રમ્પે ફરી શાંતિ નોબેલ પારિતોષિક માંગ્યું

## વ્હાઈટ હાઉસથી નિવેદન આપ્યું, મેં ૮ યુદ્ધમાં સમાધાન કરાવ્યું અને અને સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું

વોશિંગટન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નોબલ શાંતિ પુરસ્કાર માટે ફરી એકવાર દાવો કર્યો છે વ્હાઈટ હાઉસથી આપેલા નિવેદનમાં તેમણે કહ્યું છે કે, ’મેં ૮ જેટલા યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું છે, જે અત્યાર સુધી કોઈ અન્ય પ્રમુખએ નથી કર્યું. આ કોઈ બડાઈ નથી પરંતુ વાસ્તવિક હકીકત છે.’ તેમ જણાવીને તેમણે ટૂંક સમયમાં જ વધુ એક મોટી સફળતા મળવાનો સંકેત પણ આપ્યો છે.

ટ્રમ્પ અગાઉ પણ ઘણી વખત નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કરી ચૂક્યા છે અને પોતાના ડિપ્લોમેટિક રેકોર્ડને આ પુરસ્કાર માટે લાયક ગણાવતા રહ્યા છે. જો કે, ફેક્ટ-ચેકર્સ દ્વારા તેમના આ દાવાઓને વારંવાર પડકારવામાં આવ્યા છે. ફેક્ટ-ચેકર્સનું માનવું છે કે ટ્રમ્પ જે વિવાદો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યા હોવાનો દાવો કરે છે, તેમાંથી ઘણા ઔપચારિક યુદ્ધો નહોતા અને તેમાં અમેરિકાની ભૂમિકા પણ અલગ-અલગ પ્રકારની રહી હતી.

આ ઉપરાંત, રશિયાના સાઈબેરિયામાં એક એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી ૨૮ વર્ષીય લેબ વર્કરનું ન્યુમોનિયાથી મોત નીપજ્યું છે.

# દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું ૭૫ વર્ષની વયે વહેલી સવારે નિધન

## ફેન્સ અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં શોકની લાગણી છવાઈ

મુંબઈ ,

દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું નિધર થઈ ગયું છે. તેમણે ૭૫ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી છે. ગોવાના ડોના પાઉલાની એક ખાનગી હોસ્પિટલમાં દિગ્ગજ અભિનેતાએ અંતિમ શ્વાસ લીધા હતા. પીઢ અભિનેતા પોતાના ઘરે બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. જ્યાંથી તેમને સ્થાનિક



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. માહિતી અનુસાર તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. તેમને હોસ્પિટલમાં ૪૫ મિનિટ સુધી ભાનમાં લાવવા પ્રયાસ કરાયા હતા પરંતુ સફળતા મળી નહોતી. નાના પાટેકરના દીકરા મલ્હાર પાટેકરે પિતાના નિધનની પુષ્ટી કરી હતી. નાના પાટેકરને સવારે ૫:૨૦ વાગ્યે ગોવાની મણિપાલ હોસ્પિટલની મેડિકલ ટીમે તેમને મૃત જાહેર કરી દીધા હતા.

# ગરબાના ગ્રાઉન્ડમાં હવે નહીં ચાલે છૂપી ફોટોગ્રાફી

## મહિલાઓની મંજૂરી વિના વીડિયો બનાવ્યા તો પોલીસ નહીં છોડે

અમદાવાદ,

ગરબા ગ્રાઉન્ડમાં મહિલાઓની મંજૂરી વગર છૂપી રીતે ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરનારાઓ સામે પોલીસ કાયદાનો પાઠ ભણાવશે. આ માટે પોલીસે તૈયારીઓ કરી લીધી છે. આ વખતે પણ પોલીસની શી ટીમ નોરતાના ટ્રેડિશનલ ડ્રેસમાં ચાંપતી નજર રાખશે. આ નવરાત્રિએ પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરાત મુજબ ગરબાના સ્થળો, ખાસ કરીને એન્ટ્રી-એક્ઝિટ ગેટ, પાર્કિંગ એરિયા અને અંધારા વાળા રસ્તાઓ પર એન્ટિ-રોમિયો ડ્રાઈવ ચલાવવામાં આવશે. આ મહિલાઓની છેડતી કરનારા, પીછો કરનારા કે અયોગ્ય ટિપ્પણી કરનારા તત્વોને ઝડપી પાડવાનો મુખ્ય હેતુ છે.

પોલીસે મહિલાઓને પણ સતર્ક રહેવા અપીલ કરી છે. ફક્ત નવરાત્રિમાં સાથે ફરવા માટે સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકોની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારવી નહી, નવી ઓળખાણ પર આંખ બંધ કરીને વિશ્વાસ ન કરવો અને અજાણી વ્યક્તિ સાથે અવાવરુ સ્થળોએ જવાનું ટાળવું. આ ઉપરાંત, પરિવારનાં સભ્યો સાથે પોતાનું લાઈવ લોકેશન શેર કરવા સલાહ આપવામાં આવી છે. સાદા પોશાકમાં પોલીસ અને સરપ્રાઈઝ પેટ્રોલિંગ પણ કરશે. છેડતી કરનારાઓ અને રોમિયોગિરી કરનારાઓ પર નજર રાખવા માટે શી ટીમો સાદા કપડાંમાં તૈનાત રહેશે. આ સરપ્રાઈઝ ચેકિંગ માત્ર મોટા પાર્ટી પ્લોટ પૂરતું સીમિત નહી રહે, પરંતુ શેરી ગરબા, મોહલ્લા, રજિસ્ટર્ડ સોસાયટીઓ અને ખાણી-પીણીની ગલીઓ સુધી લંબાવાશે.



પોલીસની સી ટિમ બહેનોને સુરક્ષા માર્ગદર્શન આપશે તેમજ સેલ્ફ ડિફેન્સ અને જાગૃતિ તાલીમ આપવા ઉપરાંત મોડી રાત્રે મુશ્કેલીમાં મુકાયેલી અથવા વાહન વ્યવસ્થા ન મળતી હોય તેવી મહિલાઓને ૧૧૨ નંબર પર કોલ કરવા જણાવવામાં આવ્યું છે.

# જમ્મુ-કાશ્મીરમાં પાંચ આતંકીઓના મદદગારની ધરપકડ

## સુરક્ષાદળોના ઓપરેશન દરમિયાન ફુલગામમાંથી હથિયારો, હેન્ડ ગ્રેનેડ સાથે આતંકીઓના મદદગારોની ધરપકડ કરી

કુલગામ,

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. જેમાં આતંકવાદ વિરોધી ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ કુલગામમાંથી પાંચ આતંકી મદદગારની(OGW) ધરપકડ કરી છે. તેમની પાસેથી બે પિસ્તોલ, ત્રણ મેગેઝિન, ૯ એમએમ દારૂગોળાના ૪૦ રાઉન્ડ અને ત્રણ હેન્ડ ગ્રેનેડ મળી આવ્યા હતા.



આ ઘટના અંગે પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગુપ્ત માહિતીના આધારે કુલગામ પોલીસ, ૯ રાષ્ટ્રીય રાઈફલ્સ અને સીઆરપીએફની ૧૮મી બટાલિયને કુલગામ જિલ્લાના ખેરવાન ચફુર વિસ્તારમાં એક વિશેષ અભિયાન હાથ ધર્યું હતું.

આ અભિયાન દરમિયાન આતંકવાદી સંગઠનોના પાંચ સહયોગીઓની ધરપકડ કરવામાં આવી હતી.ધરપકડ કરાયેલા OGW (ઓવર-ગ્રાઉન્ડ વર્કર્સ)માં તાજમ્મુલ હુસૈન મીર રહમત અલી નાઈકુ તહરીમ અહદ ભટ, મંજૂર અહમદ ભટ અને કિફાયત અહમદ દારનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે સુરક્ષા દળોની સમયસરની કાર્યવાહીએ આ વિસ્તારમાં શાંતિ ડહોળવાના અને કોઈ મોટી ઘટનાને અંજામ આપવાના આતંકવાદીઓ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. તેમજ શસ્ત્રોનો આટલો મોટો જથ્થો મળી આવવો અને ધરપકડ થવી એ આ વિસ્તારમાં સક્રિય આતંકવાદી નેટવર્ક અને ’ઁઉ (ઓવર ગ્રાઉન્ડ વર્કર) ઈકોસિસ્ટમ માટે મોટો ફટકો છે. કુલગામ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

# વૈજ્ઞાનિક હેનરી અને કેન્સોને કેમિસ્ટ્રીનો સંયુક્ત નોબેલ




નવી દિલ્હી,

સ્વીડનની રોયલ એકેડમીએ ૨૦૨૬નો કેમિસ્ટ્રીનો નોબેલ ફ્રાન્સના હેનરી બી. કાગન અને જાપાનના કેન્સો સોઆઈને સંયુક્ત રીતે આપ્યો છે. આ વૈજ્ઞાનિકોએ રસાયણ વિજ્ઞાનના ૧૦૦ વર્ષ જૂના રહસ્યનું નિરાકરણ શોધી કાઢ્યું છે. આ શોધ દવાઓ, ફ્લેવર, સુગંધ અને નવી સામગ્રી બનાવવામાં મદદ કરશે, ખાસ કરીને કેન્સર જેવી બીમારીઓની દવાઓ માટે આ ફાયદાકારક સાબિત થશે.

# નિયમોનું પાલન કરતી મસ્જિદમાં સ્પીકર પર અઝાન ના રોકી શકાય

અલ્હાબાદ,

અલાહાબાદ હાઈકોર્ટે સહારનપુરની આયેશા મસ્જિદને લાઉડસ્પીકર પર અઝાન માટે મંજૂરી આપી છે. મસ્જિદ સંચાલકોએ ધ્વનિ પ્રદૂષણના નિયમોનું પાલન કરવાની ખાતરી આપતા કોર્ટે આ નિર્ણય લીધો. અઝાને નમાઝનો અભિન્ન અંગ ગણાવી, કોર્ટે પોલીસને નિયમોના પાલન સાથે અઝાનમાં ખલેલ ન પહોંચાડવા જણાવ્યું. જો નિયમો ભંગ થશે, તો કાર્યવાહીની છૂટ પણ અપાઈ છે.

# ખેલ મહાકુંભ ૨૦૨૬ પાછળ રૂપિયા ૧૦૦ કરોડથી વધુ ખર્ચ

અમદાવાદ,

ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી વાર્ષિક રમતોત્સવ ‘ખેલ મહાકુંભ ૨૦૨૬’ નું ભવ્ય આયોજન રાજ્યમાં શરૂ થવા જઈ રહ્યું છે. આ સ્ટેટ લેવલની ઈવેન્ટ પાછળ કુલ રૂ. ૧૦૦ કરોડથી વધુનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જેમાં માત્ર વિજેતા ખેલાડીઓને ઈનામો આપવા પાછળ જ આશરે રૂ. ૪૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. વડોદરા ખાતે આ ભવ્ય રમતોત્સવનું આયોજન તથા ઉદ્ઘાટન થનાર છે, જેમાં જુદા જુદા ૭ વયજૂથ અંતર્ગત ૩૯ જેટલી વિવિધ રમતોની રોમાંચક સ્પર્ધાઓ યોજાશે.

આ વર્ષે ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે રાજ્યભરમાંથી ઉત્સાહ જોવા મળ્યો છે અને રેકોર્ડબ્રેક ૭૬,૦૨,૧૭૮ ખેલાડીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગત વર્ષે યોજાયેલા રમતોત્સવની સરખામણીએ આ વર્ષે સાડા ત્રણ લાખ જેટલા વધુ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૦ માં જ્યારે રાજ્યમાં પહેલીવાર આ રમતોત્સવનો પ્રારંભ થયો હતો, ત્યારે માત્ર ૧૬.૫ લાખ ખેલાડીઓએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે સમયની સાથે હવે અનેકગણું વધી ગયું છે.આગામી સમયમાં વર્ષ ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬ માં ઓલિમ્પિક ગેમ્સના આયોજનના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા અત્યારથી જ ઈન્ટરનેશનલ કક્ષાનું માળખાગત ઊભું કરવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષના અજકેટમાં રમતગમત ક્ષેત્ર માટે કુલ રૂ. ૧૩૩૧ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે, જેમાંથી માત્ર રૂ. ૧૦૫૬ કરોડ કોમનવેલ્થ અને ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓ અને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ જ ખર્ચવામાં આવી રહ્યા છે.




CMYK CMYK

### રાષ્ટ્રીય યોજનાઓમાં ગુજરાતથી શરૂ થયેલી જનકેન્દ્રિત યોજનાઓનું પ્રતિબિંબ

# ગુજરાતથી શરૂ થયેલી વડાપ્રધાનની વિકાસયાત્રા આજે 'વિકસિત ભારત @2047'ના દ્રઢ સંકલ્પ સાથે વધી રહી છે આગળ

### સેવા, સુશાસન, સંકલ્પ અને રાષ્ટ્રનિર્માણની સતત સાધના સાથે વડાપ્રધાનના નેતૃત્વમાં દેશ આત્મનિર્ભરતાની દિશામાં કરી રહ્યો છે આગેકૂચ

ગાંધીનગર,

૨૫ વર્ષ પહેલા શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સત્તાનું સુકાન સંભાળ્યું હતું. આ એ સમય હતો, જ્યારે રાજ્ય વિનાશક ભૂકંપના ઘામાંથી બહાર આવવા મથી રહ્યું હતું. તેમની સામે ગુજરાતના આત્મવિશ્વાસને ફરી ઊભો કરવાનો પડકાર હતો. આ પડકાર શ્રી નરેન્દ્ર મોદીએ સ્વીકાર્યો. તેમણે નવા ગુજરાતનું સ્વપ્ન જોયું.તેમના નેતૃત્વમાં માર્ગ નિર્માણ, વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને ઉદ્યોગ સુધીના ક્ષેત્રોમાં, વિકાસને એક સર્વગ્રાહી દિશા આપવામાં આવી. તેમની આગેવાનીમાં વિચારો, નીતિઓ અને વહીવટની જૂની પદ્ધતિઓનું મંથન થયું અને નવી સંભાવનાઓ શોધવામાં આવી. તેમના માટે ગુજરાતના કરોડો નાગરિકો તેમનો પરિવાર હતા, ને તેમની જરૂરિયાતો તેમણે વિકાસના કેન્દ્રમાં રાખીને, વિકાસની વ્યાખ્યાને વિસ્તૃત બનાવી.

શાળા પ્રવેશોત્સવથી ગુણોત્સવ સુધી, કૃષિ મહોત્સવથી પશુ આરોગ્ય મેળા સુધી અને ખેલ મહાકુંભથી વાઈબ્રન્ટ ગુજરાત સુધીની યાત્રાએ વિકાસને સરકારી ફાઈલોમાંથી બહાર કાઢીને જનભાગીદારીનો વિષય બનાવ્યો. સુશાસનને ટેક્નોલોજી સાથે જોડવામાં આવ્યું. નાગરિકોની ફરિયાદ સરકાર સુધી પહોંચે અને સરકાર તેનો જવાબ આપે તે માટે 'સ્વાગત' જેવી પહેલ શરૂ થઈ. રોકાણ અને ઉદ્યોગ માટે ગુજરાતને વિશ્વના નકશા પર નવી ઓળખ અપાવવા માટે વાઈબ્રન્ટ ગુજરાતનું મંચ વિકસિત કરવામાં આવ્યું. મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીનો ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીનો ૧૩ વર્ષોનો કાર્યકાળ અભૂતપૂર્વ પરિવર્તનનો સમયગાળો હતો. જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃત દર્શન પર આધારિત તેમનું શાસનનું નવું મોડલ ગુજરાતના વિકાસનો આધાર બની ગયું.

ગુજરાતના વિકાસ મોડેલને વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રીય સ્વીકૃતિ મળી. વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યો. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના ૧૩ વર્ષ દરમિયાન મેળવેલા અનુભવો, તેમણે કરેલા પ્રયોગો અને વિકાસદૃષ્ટિને તેમણે રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરી. ગુજરાતમાં શરૂ થયેલી જનકેન્દ્રિત પહેલોનો પ્રભાવ રાષ્ટ્રીય યોજનાઓમાં પણ જોવા મળ્યો. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ખેલો ઈન્ડિયા, સ્વચ્છ ભારત અને નલ સે જલ જેવી પ્રમુખ પહેલો દ્વારા આરોગ્ય, સ્વચ્છતા, પાણી અને રમતગમત જેવા ક્ષેત્રોને રાષ્ટ્રીય વિકાસના એજન્ડાના કેન્દ્રમાં સ્થાન મળ્યું. ગુજરાતમાં જે રીતે સરકાર અને જનતાને વિકાસની યાત્રામાં સહભાગી બનાવવાનો પ્રયાસ થયો હતો.

# નવરાત્રીને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

### નવરાત્રી દરમિયાન રાત્રે ૧૨ વાગ્યા બાદ માઈક, લાઉડસ્પીકર અને પબ્લિક એડ્રેસ સિસ્ટમના ઉપયોગ પર મુકાયો સંપૂર્ણ પ્રતિબંધ

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં નવરાત્રી અને દશેરાના તહેવારોને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર કચેરી દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ નવરાત્રીના ૯ દિવસ અને દશેરાના ૧ દિવસ દરમિયાન નિયત શરતો સાથે રાત્રે ૧૨ વાગ્યા સુધી માઈક સિસ્ટમ, લાઉડસ્પીકર અને પબ્લિક એડ્રેસ સિસ્ટમના ઉપયોગ માટે છૂટ આપવામાં આવી છે.



નવરાત્રી દરમિયાન અમદાવાદ શહેરમાં મોટા પ્રમાણમાં ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા હોય છે. એવા સમયે માઈક અને સાઉન્ડ સિસ્ટમ માટે સમયમર્યાદાની સ્પષ્ટતા થતા આયોજકોને આયોજન કરવામાં સરળતા રહેશે. જોકે રાત્રે ૧૨ વાગ્યા બાદ સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવો અથવા સાઈલન્સ ઝોનમાં નિયમોનો ભંગ કરવો કાયદેસરની કાર્યવાહીનું કારણ બની શકે છે.

# રાજ્યના તમામ અભયારણ્ય અને નેશનલ પાર્ક કાલથી સહેલાણીઓ માટે ખુલ્લા મુકાશે

### વન વિભાગની માર્ગદર્શિકા મુજબ વન્ય પ્રાણીઓને ખલેલ ના પહોંચે તે પ્રકારે પ્રવાસીઓને પ્રવેશ અપાશે

ગાંધીનગર,

આગામી સમયમાં નવરાત્રી,દિવાળી જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને દેશ-વિદેશના પ્રવાસીઓ- સહેલાણીઓ માટે રાજ્યના વન વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે.ગુજરાતના તમામ અભયારણ્ય અને નેશનલ પાર્ક આગામી તા. ૯ ઓક્ટોબર ૨૦૨૬થી સહેલાણીઓ માટે ખુલ્લા મુકવામાં આવશે. વન વિભાગની માર્ગદર્શિકા મુજબ વન્ય પ્રાણીઓને ખલેલ ના પહોંચેતે પ્રકારે પ્રવાસીઓને પ્રવેશ આપવામાં આવશે તેમ, વન વિભાગ દ્વારા જણાવ્યું છે.

વધુમાં જણાવ્યું છે કે,હાલમાં રાજ્યમાં વરસાદની સિઝન પૂર્ણ થતાં તેમજ અભયારણ્ય- નેશનલ પાર્કમાં રોડ- રસ્તાની અનૂકુળતા બનતા પ્રવાસીઓ સહેલાઈથી પ્રવાસ કરી શકશે. આ નિર્ણયથી આ વિસ્તારમાં નાના -મોટા રોજગાર સાથે જોડાયેલા સ્થાનિકોને રોજગારી પણ મળી રહેશે.અત્રે નોંધનીય છે કે, ગુજરાત સિવાય દેશના વિવિધ પ્રતિષ્ઠિત રણથંભોર ટાઈગર રિઝર્વ- રાજસ્થાન,સતપુરા ટાઈગર રિઝર્વ- મધ્યપ્રદેશ,બંદિપુર ટાઈગર અને નાગરહોલ ટાઈગર રિઝર્વ- કર્ણાટક, સરિસ્કા ટાઈગર રિઝર્વ- રાજસ્થાન,પેન્ચ ટાઈગર રિઝર્વ અને તડોબા- અંધારી ટાઈગર રિઝર્વ- મહારાષ્ટ્ર સહિત ૯ જેટલા અભયારણ્ય- નેશનલ પાર્ક ગત તા. ૦૧ ઓક્ટોબર ૨૦૨૬થી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે.

# વારાણસીથી વડનગર સુધીની ભવ્ય સેવા યાત્રા: ૫૦૦ બાઈકર્સ દ્વારા હાટકેશ્વર મહાદેવનો ગંગાજળથી કરાયો જળાભિષેક

### પ્રાચીન હાટકેશ્વર મંદિરે ભક્તિમય માહોલ: પવિત્ર કાશીથી લાવવામાં આવેલા ગંગાજળ વડે મહાદેવનું પૂજન-અર્ચન

વડનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના શુભ અવસરે પ્રારંભ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે આયોજિત 'વારાણસી થી વડનગર સેવા યાત્રા' તેની સફળતાના શિખરે પહોંચી છે. આ યાત્રામાં જોડાયેલા વારાણસીના આશરે ૫૦૦ જેટલા બાઈકર્સ દ્વારા વડનગરના ઐતિહાસિક અને અત્યંત પ્રાચીન એવા હાટકેશ્વર મહાદેવના મંદિરે પવિત્ર ગંગાજળથી જળાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડનગરના શ્રદ્ધાના કેન્દ્ર સમાન મંદિરમાં ભક્તિ અને ઉત્સાહનો



ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

આ વિશેષ સેવા યાત્રામાં જોડાયેલા યુવા બાઈકર્સ પવિત્ર નગરી વારાણસીથી પોતાની સાથે ગંગા મૈયાનું પવિત્ર જળ લઈને વડનગર પધાર્યા હતા. બાઈકર્સ દ્વારા કરવામાં આવેલ આ જળાભિષેકે વડાપ્રધાનના સંસદીય ક્ષેત્ર કાશીથી તેમના જન્મસ્થળ વડનગર વચ્ચેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સેતુને વધુ મજબૂત બનાવ્યો છે. હાટકેશ્વર મહાદેવના સાનિધ્યમાં આ પવિત્ર જળ અર્પણ કરી બાઈકર્સ દ્વારા લોક કલ્યાણ અને રાષ્ટ્ર પ્રગતિની મંગલ કામના કરવામાં આવી હતી.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી આ યાત્રા માત્ર એક પ્રવાસ નહીં, પરંતુ શ્રદ્ધા અને સેવાના સંકલ્પને ઉજાગર કરતું માધ્યમ બની રહી છે. સમગ્ર આયોજનમાં શિસ્ત અને સમર્પણના દર્શન થયા હતા, જ્યાં વારાણસીના યુવાઓએ પરંપરાગત વિધિ-વિધાન સાથે મહાદેવની આરાધના કરી હતી. પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે શરૂ થયેલા સેવાના વિવિધ કાર્યોમાં આ યાત્રા એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ છે, જેણે વડનગરના આંગણે ભક્તિમય અને ગૌરવપૂર્ણ વાતાવરણ સર્જ્યું છે.

# સુરત જીલ્લાના માછીમાર સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

સુરત,

ડુમ્મસ અને ભીમપોર વિસ્તારના માછીમારોએ છેલ્લા ઘણા સમયથી પોતાની પડતર અને ગંભીર સમસ્યાઓને લઈને આખરે હવે સુરત કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા છે. દરિયામાં માછીમારી દરમિયાન થતા ભારે આર્થિક નુકસાન અને સ્થાનિક દરિયાખેડુઓની રોજીરોટી પર ઊભા થયેલા સંકટ અંગે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને તાત્કાલિક યોગ્ય ન્યાય અને ઉકેલ લાવવા માટે માછીમારો દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

મોટી સંખ્યામાં માછીમારોએ સત્તાવાળાઓ સમક્ષ આક્ષેપ કર્યો હતો કે જાફરાબાદ વિસ્તારના માછીમારો સુરતના ડુમ્મસ અને ભીમપોરના દરિયાઈ કક્ષામાં આવીને આક્રમક રીતે માછીમારી કરી રહ્યા છે. જાફરાબાદના માછીમારો 'બોક્સ ફિશિંગ' પદ્ધતિનો ઉપયોગ કરે છે, જેમાં ખૂબ જ મોટી અને ભારે જાળનો ઉપયોગ થાય છે. તેની સામે સ્થાનિક ડુમ્મસ અને ભીમપોરના માછીમારો પરંપરાગત 'તરતી જાળ' (ફ્લોટિંગ નેટ) વડે માછીમારી કરે છે, જે કદમાં ખૂબ જ નાની હોય છે. જાફરાબાદના માછીમારોની મોટા કદની બોક્સ જાળીઓને કારણે સુરતના માછીમારોની નાની અને તરતી જાળીઓ તેમાં ફસાઈને તૂટી જાય છે અથવા સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય છે. આ ગંભીર ઘર્ષણના કારણે ડુમ્મસ અને ભીમપોરના સ્થાનિક માછીમારોને દર વર્ષે લાખો અને કરોડો રૂપિયાનું આર્થિક ફટકો વેઠવાનો વારો આવે છે. સ્થાનિક માછીમારોના હિત અને આજીવિકાનું રક્ષણ કરવા માટે જાફરાબાદના માછીમારોના અનધિકૃત પ્રવેશો અને બોક્સ ફિશિંગ પર સખત નિયંત્રણ લાવવા કલેક્ટર તંત્ર પાસે કડક કાનૂની પગલાં ભરવા માંગ કરવામાં આવી છે.

# ખેલ મહાકુંભ પાછળ રૂ.૧૦૦ કરોડથી વધુ ખર્ચ, ૭૬ લાખથી વધુ ખેલાડીઓનું રેકોર્ડ રજિસ્ટ્રેશન

### વિજેતા ખેલાડીઓને ઈનામો આપવા પાછળ જ રૂ. ૪૫ કરોડ ફાળવવામાં આવ્યા

અમદાવાદ,

ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી વાર્ષિક રમતોત્સવ 'ખેલ મહાકુંભ ૨૦૨૬' નું ભવ્ય આયોજન રાજ્યમાં શરૂ થવા જઈ રહ્યું છે. આ સ્ટેટ લેવલની ઈવેન્ટ પાછળ કુલ રૂ. ૧૦૦ કરોડથી વધુનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જેમાં માત્ર વિજેતા ખેલાડીઓને ઈનામો આપવા પાછળ જ આશરે રૂ. ૪૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. વડોદરા ખાતે આ ભવ્ય રમતોત્સવનું આયોજન તથા ઉદ્ઘાટન થનાર છે, જેમાં જુદા જુદા ૭ વયજૂથ અંતર્ગત ૩૯ જેટલી વિવિધ રમતોની રોમાંચક સ્પર્ધાઓ યોજાશે.

આ વર્ષે ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે રાજ્યભરમાંથી ઉત્સાહ જોવા મળ્યો છે અને રેકોર્ડબ્રેક ૭૬,૦૨,૧૭૮ ખેલાડીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગત વર્ષે યોજાયેલા રમતોત્સવની સરખામણીએ આ વર્ષે સાડા ત્રણ લાખ જેટલા વધુ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૦ માં જ્યારે રાજ્યમાં પહેલીવાર આ રમતોત્સવનો પ્રારંભ થયો હતો, ત્યારે માત્ર ૧૬.૫ લાખ ખેલાડીઓએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે સમયની સાથે હવે અનેકગણું વધી ગયું છે.

આગામી સમયમાં વર્ષ ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬ માં ઓલિમ્પિક ગેમ્સના આયોજનના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા અત્યારથી જ ઈન્ટરનેશનલ કક્ષાનું માળખાગત ઊભું કરવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષના અજકેટમાં રમતગમત ક્ષેત્ર માટે કુલ રૂ. ૧૩૩૧ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે, જેમાંથી માત્ર રૂ. ૧૦૫૬ કરોડ કોમનવેલ્થ અને ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓ અને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ જ ખર્ચવામાં આવી રહ્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ તોતિંગ ખર્ચ કરવાની સાથે-સાથે તળિયેથી ખેલાડીઓને તૈયાર કરવા અને તેમને પ્રોફેશનલ ટ્રેનિંગ આપવા પર પણ સમાન ભાર મૂકવો જોઈએ, કારણ કે તાજેતરની કોમનવેલ્થ ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓનું પ્રદર્શન અપેક્ષિત નહતું રહ્યું અને એકપણ મેડલ જીતી શક્યા ન હતા, જ્યારે એશિયન ગેમ્સમાં માત્ર શૂટિંગ ક્ષેત્રે જ રાજ્યને બે મેડલ પ્રાપ્ત થયા હતા.

# બીઆઈએસ અમદાવાદ દ્વારા નકલી હોલમાર્ક ધરાવતી જ્વેલરી જપ્ત કરવામાં આવી



અમદાવાદ,

ભારતીય માનક બ્યુરો (BIS), અમદાવાદના અધિકારીઓની ટીમે તા. ૦૬.૧૦.૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે આવેલ મે. હિમતલાલ ટી. પટાડિયા (જેમ્સ એન્ડ જ્વેલર્સ), પ્રથમ માળ, ૧૧૭, સિલિકોન વેલી, શિવરંજની ક્રોસ રોડ્સ, અમદાવાદ ખાતે એન્ફોર્સમેન્ટ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડા દરમિયાન ઉપરોક્ત જ્વેલર્સ દ્વારા માન્ય નોંધણી પ્રમાણપત્ર વિના હોલમાર્ક ધરાવતી જ્વેલરીનું વેચાણ કરવામાં આવતું હોવાનું તેમજ નકલી હોલમાર્ક (HUID વિના) ધરાવતી જ્વેલરીનું વેચાણ કરવામાં આવતું હોવાનું જણાયું હતું. કાર્યવાહી દરમિયાન મે. હિમતલાલ ટી. પટાડિયા (જેમ્સ એન્ડ જ્વેલર્સ), પ્રથમ માળ, ૧૧૭, સિલિકોન વેલી, શિવરંજની ક્રોસ રોડ્સ, અમદાવાદ પાસેથી ૪૦ ગ્રામથી વધુ સોનાની જ્વેલરી જપ્ત કરવામાં આવી હતી.

# અમદાવાદમાં માર્બલના બિઝનેસમેન દંપતી સાથે ૪૭.૨૮ લાખની છેતરપિંડી

### કમિશન એજન્ટે ગ્રાહક પાસેથી બાકી રહેલા રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા

અમદાવાદ,

અમદાવાદના ગોતા વિસ્તારમાં માર્બલ અને સ્ટોનનો વ્યવસાય કરતા દંપતી સાથે તેમના જ કમિશન એજન્ટે ૪૭.૨૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી જય કાર્તિકભાઈ રાવલે વેપારી દંપતીની કંપનીના નામ સાથે મળતું આવતું નામ ધરાવતી ડમી કંપની બનાવી હતી. ત્યારબાદ પોતે કંપનીનો ભાગીદાર હોવાનું જણાવી ગ્રાહક પાસેથી બાકી રહેલા ૪૭,૨૮,૫૯૬ રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

જગતપુરમાં રહેતા મેઘાબેન અને તેમના પતિ રાહુલ અગ્રવાલ ગોતામાં હિમાલયા ગ્રેનાઈટ નામથી માર્બલ અને સ્ટોનનો વ્યવસાય કરે છે. જાન્યુઆરી ૨૦૨૫માં તેમની મુલાકાત જય રાવલ સાથે થઈ હતી. જય રાવલે કમિશનના બદલામાં ડી.એન.એમ. ઈન્ટીરીયર પાસેથી ટાઈલ્સ અને ગ્રેનાઈટના ઓર્ડર અપાવવાની વાત કરી હતી. ત્યારબાદ એપ્રિલ ૨૦૨૫થી જૂન ૨૦૨૬ સુધી હિમાલયા ગ્રેનાઈટ દ્વારા ડી.એન.એમ. ઈન્ટીરીયરને માલ સપ્લાય કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં જય રાવલને નક્કી કરેલું કમિશન પણ ચૂકવવામાં આવતું હતું.

દરમિયાન માર્ચ ૨૦૨૬માં મેઘાબેનની સાસુનું અવસાન થતાં દંપતી મરણવિધિ સહિતની કામગીરીમાં વ્યસ્ત હતું. ઓગસ્ટ ૨૦૨૬માં કંપનીના હિસાબો તપાસતાં ડી.એન.એમ. ઈન્ટીરીયર તરફથી મોટી રકમનું પેમેન્ટ બાકી હોવાનું ધ્યાનમાં આવ્યું. આથી રાહુલ અગ્રવાલે કંપનીના માલિક ધર્મેશભાઈનો સંપર્ક કરી ઉઘરાણી કરી હતી.

ત્યારે ધર્મેશભાઈએ ચોંકાવનારી માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ૪૭,૨૮,૫૯૬ રૂપિયાનું પેમેન્ટ અગાઉ જ કરી દેવામાં આવ્યું છે. જય રાવલે પોતે હિમાલયા ગ્રેનાઈટનો ભાગીદાર હોવાનું કહીને નવું બેંક એકાઉન્ટ આપ્યું હતું અને તેમાં પેમેન્ટ કરવાનું જણાવ્યું હતું.

# કલોલ રેલવે સ્ટેશનની કાયાપલટ, ૪૮.૨૨ કરોડના ખર્ચે વિદેશ જેવું રેલવે સ્ટેશન વિકસાવાયું

### કલોલ સ્ટેશનને દરરોજ આશરે ૪૦,૦૦૦ મુસાફરોની અવરજવરને સંભાળી શકે તેવી ક્ષમતા અનુસાર વિકસાવવામાં આવ્યું

ગાંધીનગર,

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના કલોલ રેલવે સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આશરે ૪૮.૨૨ કરોડના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. પુનર્વિકાસ બાદ સ્ટેશનને આધુનિક, સુરક્ષિત, સુગમ અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે. સ્ટેશન ભવનનું ઉન્નતીકરણ, નવો એન્ટ્રી ગેટ, વિશાળ સર્ક્યુલેટિંગ એરિયા, પાર્કિંગ, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મનું વિસ્તરણ, કવર ઓવર



પ્લેટફોર્મ તેમજ બીજા પ્રવેશદ્વાર સહિતના તમામ મુખ્ય કામો પૂર્ણ થઈ ચૂક્યા છે.

કલોલ સ્ટેશન પર આશરે ૧૪,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં આધુનિક સ્ટેશન ભવન વિકસાવવામાં આવ્યું છે. સ્ટેશન ભવનમાં મુસાફરોની સુવિધા માટે વધુ સારી મુસાફર સુવિધાઓની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટેશનના નવા ભવનને આધુનિક સ્થાપત્ય શૈલી અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે તથા આકર્ષક ભીંતચિત્રો દ્વારા સ્ટેશન પરિસરનું સૌંદર્યીકરણ કરવામાં આવ્યું છે.મુસાફરોની અવરજવરને સુગમ બનાવવા માટે ૭૦ અને ૮૦ ચોરસ ફૂટ પહોળા બે નવા પ્રવેશદ્વાર તેમજ સમાન કદના બે બહાર નીકળવાના દ્વાર વિકસાવવામાં આવ્યા છે.

# હાઈકોર્ટના ચુકાદાઓ પર હવે ટાઈમ-બાઉન્ડ એક્શન ગુજરાત સરકારે નક્કી કરી કડક અને સ્પષ્ટ SOP

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ન્યાયિક વિલંબ ટાળવા મહત્વનું પગલું

ગાંધીનગર

ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાઓના સમયબદ્ધ પાલન અંગે વહીવટી વ્યવસ્થાને વધુ સ્પષ્ટ અને જવાબદાર બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. તેના અંતર્ગત સરકાર દ્વારા રાજ્યના તમામ વહીવટી વિભાગો માટે Standard Ope®aing Procedure (SOP) નક્કી કરવામાં આવી છે, જેના હેઠળ અદાલતનો નિર્ણય મળ્યા બાદ વિભાગોએ નિયત પ્રક્રિયા અને સમયમર્યાદા મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આ એસઓપીનો મુખ્ય હેતુ ચુકાદાઓના અમલમાં થતો બિનજરૂરી વિલંબ અટકાવવાનો અને એવી સ્થિતિ ઊભી થતી રોકવાનો છે, જેના કારણે Contempt of Court એટલે કે અદાલતી અવમાનનાની નોબત આવે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન તેમજ નાયબ મુખ્યમંત્રી (જેઓ કાયદા મંત્રી પણ છે) શ્રી હર્ષ સંઘવી અને કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરિયાના નેતૃત્વ હેઠળ અમલમાં મૂકાયેલી આ વ્યવસ્થામાં હાઈકોર્ટના ચુકાદા બાદ વિભાગો સમક્ષ ઉપલબ્ધ વિકલ્પો અને તેમની પ્રક્રિયા સ્પષ્ટ કરવામાં આવી છે. કાયદા વિભાગના તાજેતરના પરિપત્ર મુજબ ન્યાયાલયના નિર્ણય બાદ સમયસર કાર્યવાહી ન થવાથી આદેશના અમલમાં વિલંબ થઈ શકે છે. નવી જૉ આ વહીવટી વિલંબને ઘટાડવા માટે પ્રક્રિયાને ટાઈમ-બાઉન્ડ બનાવે છે.

કાદો સ્વીકાર્ય હોય, તો કાર્યવાહી અને અપીલ કરવી હોય, તો નિયત પ્રક્રિયા

જો સંબંધિત વહીવટી વિભાગ હાઈકોર્ટના ચુકાદાને સ્વીકારે છે, તો નાણાં વિભાગે નક્કી કરેલી પ્રક્રિયા અનુસાર જરૂરી કાર્યવાહી કરવી પડશે. જ્યારે વિભાગને ચુકાદા સામે અપીલ કરવી યોગ્ય લાગે, ત્યારે વિભાગીય અભિપ્રાય સાથે કાયદા વિભાગની સલાહ લઈને નિયત સમયમર્યાદામાં લિટિગેશનની કાર્યવાહી શરૂ કરવાની રહેશે. આ સાથે કાયદા વિભાગ દ્વારા ૨૯ જૂન ૨૦૨૪ના રોજ જાહેર કરાયેલા નિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત વહીવટી વિભાગની રહેશે. એટલે કે ચુકાદો આવ્યા બાદ તેને પડતર રાખવાને બદલે વિભાગે સમયબદ્ધ રીતે એ નક્કી કરવાનું રહેશે કે નિર્ણય સ્વીકારવો છે કે તેની સામે કાનૂની પ્રક્રિયા હાથ ધરવી છે.

# વડાપ્રધાનના સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સેવા જ્યોતિ યાત્રા' સાથે 'વિકસિત ભારત સંકલ્પ સભા' યોજાઈ

## ઉપસ્થિતોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વર્ચ્યુઅલી સંબોધન નિહાળ્યું :ઉત્સાહ સાથે રેસકોર્સથી શરૂ થયેલી યાત્રા કૈલાસવાડી સર્કલ ખાતે સફળતાપૂર્વક સંપન્ન




રાજકોટ:વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'જનસેવાથી રાષ્ટ્રસેવા'ના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને આજ રોજ 'સેવા જ્યોતિ યાત્રા' યોજાઈ હતી. આ પ્રસંગે રેસકોર્સ મેદાન ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું આયોજન કરાયું હતું.

આ અવસરે સભાને સંબોધતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થ નેતૃત્વમાં આપણો દેશ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ દેશના વિકાસ માટે દિવસ-રાત જોયા વગર સતત મહેનત કરીને પોતાનું જીવન મા ભારતીના ચરણોમાં સમર્પિત કર્યું છે. તેમણે ગુજરાતની ધરતી પરથી સેવા અને સંવેદના સાથે સુશાસનની નવી રાહ ચીંધી છે. તેમણે મુખ્યમંત્રીથી લઈને વડાપ્રધાન તરીકે સતત ૨૫ વર્ષ સુધી જનસેવાનો જે ભગીરથ પુરુષાર્થ કર્યો છે, તેના પરિણામે ભારત આજે વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે.

'સેવા સંકલ્પ અભિયાન'ના આયોજન અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ અભિયાન માત્ર ઉજવણી નથી, પરંતુ સેવા સેતુ, મેડિકલ કેમ્પ, સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ જેવા જનહિતકારી કાર્યો થકી જનતાની સેવા કરવાનો અનોખો મોકો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આજે પ્રજ્વલિત કરેલી સેવાની જ્યોત સમાજ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ છે. આપણે સૌએ વ્યક્તિગત હિતથી ઉપર ઉઠીને 'નેશન ફર્સ્ટ' (રાષ્ટ્ર પ્રથમ) અને 'મા ભારતી'ના કલ્યાણના ભાવ સાથે કાર્ય કરવું જોઈએ. ૧૪૦ કરોડ ભારતીયો એકસૂત્રે બંધાઈને એક ડગલું આગળ વધશે, તો દેશ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરી શકશે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ 'નમો સેવા ગાથા - અનકહી કહાની' નાટિકા પ્રસ્તુત કરી હતી. આ તકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીથી વર્ચ્યુઅલી જોડાઈને જનસેવા, વિકાસ અને સુશાસનના સંકલ્પને વધુ મજબૂત બનાવીને વિકસિત ભારતનું નિર્માણ કરવાનો પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે રાજકોટના મેયર શ્રી ડૉ. નેહલભાઈ શુક્લાએ ઉપસ્થિત નાગરિકોને દેશના વિકાસ અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવા માટેના સંકલ્પ ગ્રહણ કરાવ્યા હતા.

આ વેળાએ મહાનુભાવોએ સેવા જ્યોત પ્રજ્વલ્લિત કરીને 'સેવા જ્યોત સંકલ્પ યાત્રા'નો આરંભ કરાવ્યો હતો. વિશાળ જનમેદનીના ઉત્સાહ સાથે યોજાયેલી આ યાત્રા રેસકોર્સ મેદાન ખાતેથી શરૂ થઈને કૈલાસવાડી સર્કલ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ તકે સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયા, કર્ણાટકના પૂર્વ રાજયપાલ શ્રી વજુભાઈ વાળા, ધારાસભ્ય સર્વે શ્રી ડો. દર્શિતાબેન શાહ, શ્રી ભાનુબેન બાબરીયા, શ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, શ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, મહાનગરપાલિકા કમિશનર શ્રી તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી માધવભાઈ દવે, શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા સહિત અગ્રણીશ્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# તા.૧૦ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટની મુલાકાતે

## રેસકોર્સ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ૧૩૬ ગ્રામહાટનું લોકાર્પણ અને મહિલાલક્ષી યોજનાઓનો શુભારંભ કરાવશે



રાજકોટ:

તા. ૧૦ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે ગ્રામ વિકાસ વિભાગ હેઠળ સખીમંડળો દ્વારા સંચાલિત રાજયના ૧૩૬ ગ્રામહાટનું લોકાર્પણ તેમજ મહિલાલક્ષી વિવિધ યોજનાઓનો શુભારંભ કરવામાં આવશે.

ઉક્ત કાર્યક્રમના સુચારૂ આયોજન અને પૂર્વ તૈયારીઓની સમીક્ષા અર્થે આજે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રાજકોટ કલેકટર કચેરી ખાતે સંબંધિત અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી. બેઠકમાં મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રીના રાજકોટ પ્રવાસને અનુલક્ષીને કાર્યક્રમની વિવિધ વ્યવસ્થાઓ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

બેઠક દરમિયાન મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ સ્થળે બેઠક વ્યવસ્થા, ટ્રાફિક અને પાર્કિંગ, સુરક્ષા, પીવાનું પાણી, સ્વચ્છતા સહિતની આનુષંગિક વ્યવસ્થાઓ અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા તમામ વિભાગો વચ્ચે સંકલન જાળવી સમયબદ્ધ રીતે કામગીરી પૂર્ણ કરવા મંત્રીશ્રીએ સૌને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક પૂર્વે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા તથા જિલ્લા કલેક્ટર શ્રી ડૉ.ઓમ પ્રકાશ સહિત સંબંધિત અધિકારીઓ દ્વારા કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈને ઉપલબ્ધ સુવિધાઓ તથા જરૂરી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી સુચારૂ આયોજન માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત સખીમંડળો દ્વારા સંચાલિત ૧૩૬ ગ્રામહાટના લોકાર્પણથી ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓના વેચાણ અને માર્કેટિંગ માટે વધુ સુવિધા ઉપલબ્ધ થશે. સાથે જ મહિલાઓના આર્થિક સશક્તિકરણને વેગ મળે તે હેતુથી મહિલાલક્ષી યોજનાઓનો પણ શુભારંભ કરવામાં આવનાર છે.

આ બેઠકમાં ડીસીપી શ્રી રાકેશ દેસાઈ, આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી અતુલ સિંહ, નિવાસી અધિક કલેકટર શ્રી જે.એચ.બારોટ સહિત સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પા સેન્ટરોમાં ભગવાન બુધ્ધના ચિત્રોના થતા દુરૂપયોગ સામે કાર્યવાહી કરવા કલેકટર તંત્ર સમક્ષ ધા

## ગેરકાયદે પ્રવૃતિઓ બંધ કરાવવા બૌધ્ધ સમાજ દ્વારા આવેદનપત્ર અપાયું




રાજકોટ:

રાજકોટ સહિત રાજયભરના સ્પા અને મસાજ સેન્ટરોમાં ભગવાન બુધ્ધના પવિત્ર ચિત્રોના થતા દુરૂપયોગ સામે કાર્યવાહી કરવાની માંગણી સાથે સમસ્ત રાજકોટ બૌધ્ધ સમાજ દ્વારા આજે કલેકટર તંત્રને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરવામાં આવી હતી. બૌધ્ધ સમાજના અગ્રણી સદસ્યોએ જણાવ્યુ હતુ કે ધમધમતા આ સ્પા અને મસાજ સેન્ટરો પૈકીના કેટલાક સેન્ટરોમાં ગેરકાયદે પ્રવૃતિઓ થતી હોવાની ફરીયાદો સામે આવી રહી છે આ બાબતે સમયાંતરે પગલા લેવામા આવી રહ્યા છે.

આ ઉપરાંત કેટલાક સ્પા/મસાજ સેન્ટરોમાં ભગવાન બુધ્ધના ચિત્રો, ધમ્મચક્ર, સ્વસ્તિક વગેરે પવિત્ર ધાર્મિક પ્રતિકોનો અયોગ્ય ઉપયોગ કરવામા આવે છે જેના કારણે બૌધ્ધ સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા સ્પા/મસાજ સેન્ટરો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામા આવે તેમજ ભગવાન બુધ્ધના ચિત્રો તથા અન્ય પવિત્ર ધાર્મિક પ્રતિકોના દુરૂપયોગ પર પ્રતિબંધ મૂકવામા આવે ઉપરાંત સમગ્ર ગુજરાતમાં સ્પા અને મસાજ સેન્ટરો માટે સ્પષ્ટ નિયમો બનાવવામા આવે તેવી માંગણી ઉઠાવવામા આવી છે. આ અંગે બૌધ્ધ સમાજ દ્વારા પોલીસ કમિશ્નરને પણ રજૂઆત કરવામા આવી હતી.

# અંતે ભીસ્તીવાડથી ભીલવાસના રસ્તે ડામર કામ શરૂ થયું : હજારો વાહન ચાલકો ભંગાર રોડના ત્રાસમાંથી છુટયા



રાજકોટ:શહેરની મધ્યમાં આવેલા સૌથી જુના વિસ્તારો પૈકીના વોર્ડ નં.૭ના ગવલીવાડથી ભીલવાસના રસ્તે અંતે આજે મહિનાઓ બાદ ડામર કામ શરૂ થતા રહેવાસીઓ અને વાહન ચાલકોને રાહત થઈ છે. જલારામ મંદિરના રસ્તે અગાઉ વોંકળાના કામ અને તે બાદ સ્ટ્રોમ વોટર લાઈનના કામ માટે ખોદકામ થયા બાદ લાંબા સમયથી વાહનોને પસાર થવામાં મુશ્કેલી થતી હતી. જે ત્રાસનો આઠેક મહિના બાદ અંત આવ્યો છે.

વોર્ડ નં.૭માં સર્વેશ્રૃવર ચોક, જાગનાથ તરફથી આવતા વોંકળાનું કામ ગવલીવાડ તરફ પહોંચતા લાંબો સમય સુધી જલારામ મંદિરવાળો રોડ બંધ કરવામાં આવ્યો હતો. ગત વર્ષે આ કામ ચાલુ થયું હતું અને વિલંબથી ચાલતા અવારનવાર અધિકારીઓ અને પદાધિકારીઓ મુલાકાત લેતા હતા. અંતે આ વોંકળાનું કામ પુરૂ થતા જલારામ મંદિરથી કોટક સ્કુલ તરફનો રસ્તો ખુલ્લો થયો હતો.

આ બાદ આ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની વર્ષો જુની સમસ્યા ઉકેલવા સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાંખવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. ચોમાસામાં લોકો હેરાન થતા હોય, આ શેરીથી માંડી ભીલવાસ અને યાજ્ઞિક રોડના ખુણા સુધી પાઈપલાઈન નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

દરમ્યાન ગવલીવાડ અને ભીલવાસમાં પાઈપલાઈન માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. તે બાદ કાયમની જેમ સમયસર ડામર કામ કરવામાં ન આવતા વાહન ચાલકો હેરાન થતા હતા. ખાડા બુરાયા બાદ લેવલીગ ન થતા હાલત એવી થઈ હતી કે ટુ વ્હીલર તો જાણે સ્પીડબ્રેકર પસાર કરતા હોય.આ શેરીમાં અને ભીલવાસ મેઈન રોડ પર તો વાહન કુદકા મારે એવી રીતે પસાર થતું હતું. આ દરમ્યાન યુધ્ધના કારણે ડામરના ભાવ વધવા લાગતા ડામર કામ પણ કરાવી શકાતું ન હતું. અંતે રસ્તો નીકળતા આજથી જલારામ મંદિરવાળી શેરીમાં ડામર કામ શરૂ થતા લોકોને રાહત થઈ છે.

# ઝારસુગુડા યાર્ડ રિમોડેલિંગ કાર્યને કારણે રાજકોટમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો રદ રહેશે

રાજકોટ:

દક્ષિણ પૂર્વ રેલવેના ચક્રધરપુર ડિવિઝન હેઠળ ઝારસુગુડા પેસેન્જર યાર્ડના રિમોડેલિંગ કાર્ય માટે નોન-ઈન્ટરલોકિંગ કાર્ય હાથ ધરવામાં આવશે. આ કામગીરીને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોની નિર્ધારિત મુસાફરી રદ રહેશે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર રદ કરાયેલી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧) ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર–સાંતરાગાછી એક્સપ્રેસ — ૧૧ ડિસેમ્બર ૨૦૨૬ની મુસાફરી રદ રહેશે.

૨) ટ્રેન નંબર ૧૨૯૫૦ સાંતરાગાછી–પોરબંદર એક્સપ્રેસ — ૧૩ ડિસેમ્બર ૨૦૨૬ની મુસાફરી રદ રહેશે.

૩) ટ્રેન નંબર ૨૨૯૦૫ ઓખા–શાલીમાર એક્સપ્રેસ — ૧૩ ડિસેમ્બર ૨૦૨૬ની મુસાફરી રદ રહેશે.

૪) ટ્રેન નંબર ૨૨૯૦૬ શાલીમાર–ઓખા એક્સપ્રેસ — ૧૫ ડિસેમ્બર ૨૦૨૬ની મુસાફરી રદ રહેશે.

રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા પોતાની ટ્રેનના સંચાલનની સ્થિતિની પુષ્ટિ કરીને જ મુસાફરીનું આયોજન કરે.

# 'મત બચાવો-દેશ બચાવો' શહેર કોંગ્રેસની જનજાગૃતિ રેલી યોજાઈ

## મુખ્ય ચૂંટણી કમિશ્નરનાં રાજીનામાની માંગ સાથે લોકશાહીને બચાવવા આહવાન



રાજકોટ:

રાજકોટઃ દેશભરમાં લોકશાહી અને બંધારણીય મૂલ્યોની રક્ષા માટે ચાલી રહેલા લોકશાહી બચાવો સપ્તાહ અંતર્ગત રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા મત બચાવો દેશ બચાવો અને જ્ઞાનેશ કુમાર ના રાજીનામા ના તીવ્ર સંદેશ સાથે એક વિશાળ જનજાગૃતિ આ રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મતાધિકારના રક્ષણ, ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અને નાગરિકોમાં જાગૃતિ લાવવાના હેતુથી આ રેલીનું આયોજન થઈ રહ્યું છે.

આ રેલીનો પ્રારંભ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે પહોંચીને સમાપન કરાયું હતું.આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, લોકશાહીનો પાયો જ મતદાર છે. મતાધિકાર એ લોકશાહી વ્યવસ્થામાં નાગરિકની સીધી ભાગીદારીનું સૌથી શક્તિશાળી માધ્યમ છે. તેથી દરેક નાગરિકના મતનું રક્ષણ થાય અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયા પર દેશવાસીઓનો વિશ્વાસ અકબંધ રહે તે વર્તમાન સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, હાલમાં જ લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા વેટ ચોરી અને ચૂંટણી પ્રક્રિયામાં થતી ગડબડીઓ સામે દેશવ્યાપી જ્ઞાનેશ કુમાર ના રાજીનામા ની માંગ સાથે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. ઈલેક્શન કમિશન અને કાયદાકીય ફેરફારો સામે રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો લોકશાહીને બચાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. એ જ લડાઈને આગળ વધારતા, રાજકોટ શહેર કોંગ્રેસ મત બચાવો દેશ બચાવોના સૂત્ર સાથે શેરીઓમાં ઉતરીને નાગરિકોને પોતાના મતાધિકાર પ્રત્યે જાગૃત કરી રહી છે.

રાજકોટ શહેર કોંગ્રેસનું સ્પષ્ટ માનવું છે કે, લોકશાહી માત્ર ચૂંટણી યોજવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ નાગરિકો કોઈપણ ભય વિના પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે અને ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રહે તે જ સાચી લોકશાહી છે.રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા આયોજિત આ આજની આ રેલી માં જશવંતસિંહ ભટ્ટી, ડીપી મકવાણા, ગાયત્રીબા વાઘેલા, દીપ્તિ બેન સોલંકી, અતુલ રાજાણી નીતિન ભંડેરી, વૈશાલી શીંદે, મેહુલ મકવાણા, જયદીપ મયાત્રા, અર્જુનભાઈ ચોહાણ , સુધાબા વાઘેલા,મુકુંદ ટાંક વગેરે હાજર રહ્યા હતા.

# વ્યાજ માફી હજુ ચાલુ : મુદલથી વધુ વ્યાજ ન વસુલવાના ઠરાવમાં અહમના ટકરાવ

## મહાનગરપાલિકામાં સપ્ટેમ્બરમાં સ્કીમ પૂરી થવા છતાં લાભ યથાવત-દરખાસ્ત હવે આવશે

રાજકોટ:મહાનગરપાલિકામાં મિલકતવેરા અને પાણીવેરામાં પાંચ-પાંચ હજાર મળી કુલ ૧૦ હજાર સુધી વ્યાજમાફી આપવાની યોજના ફરી અમલી બની હતી. જેનો મોટી સંખ્યામાં નાના બાકીદારોએ લાભ લીધો છે.

પરંતુ તે બાદ મુદલ કરતા વ્યાજ વધુ હોય તો મુદલથી વધુ વ્યાજ ન વસુલવા શાસકોએ કરેલા ઠરાવનો અમલ જ શરૂ ન થતા હવે નવેસરથી કઇ રીતે આ નવી સ્કીમ લાગુ કરવી તે સવાલ બન્યો છે અને આ મામલે શાસકો તથા વહીવટી તંત્ર વચ્ચે મડાગાંઠ સર્જાયાનું બહાર આવ્યું છે. રૂા.પાંચ હજાર સુધીની વ્યાજ માફીની યોજના અમલમાં આવ્યા બાદ બાકી વેરાની મુદલ રકમની તુલનાએ વ્યાજ વધુ હોય તો મુદલ રકમ જેટલું જ વસૂલવું તેવું ઠરાવાયું હતું.આ વ્યાજમાફીની સ્કીમની મુદત તા.૩૦ સપ્ટેમ્બરે પૂર્ણ થઈ ગયા બાદ હજુ પણ અમલવારી ચાલુ રાખી વ્યાજમાફી આપવામાં આવી રહી છે. બીજી બાજુ અધ્યક્ષ સ્થાનેથી ઠરાવ છતાં મુદલ કરતા વધુ વ્યાજ નહી વસૂલવાના ઠરાવનો અમલ શરૂ જ કર્યો ન હોય આ મામલે અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે સંમતિ થતી નથી. મહાપાલિકા દ્વારા હજારો બાકીદારો પાસેનું કરોડો રૂપિયાનું બાકી લેણું વસુલવા માટે તેમજ કરદાતાઓને અન્યાય ન થાય તેવા હેતુથી પદાધિકારીઓએ મુદલ કરતા વધુ વ્યાજ વસૂલવું નહીં તેવો ઠરાવ કર્યો હતો.પરંતુ ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કે પરામર્શ કર્યા વિના અધ્યક્ષસ્થાનેથી આ ઠરાવ કરાયો હોય તેની અમલવારીનો કોઇ રસ્તો તંત્રવાહકોએ કાઢયો નથી. સોફટવેર સહિતના પ્રશ્નો પણ ઉભા છે. આ કારણે અનેક કરદાતાઓ આ મુદલથી વધુ વ્યાજ ન વસૂલાય તો પૂરેપૂરો બાકી વેરો ભરપાઇ કરીને વ્યાજ માફીની સ્કીમનો લાભ કયારે મળશે તેની રાહ જુવે છે.ગત મહિને તા.૩૦ સપ્ટેમ્બરે વ્યાજ રાહતની સ્કીમ પૂર્ણ થઈ હોવા છતાં હાલ સ્કિમ રિન્યુ કર્યા વિના જ તેનો અમલ મુદત વધારાની પૂર્વમાંજૂરીની અપેક્ષાએ યથાવત રીતે ચાલુ રાખવામાં આવ્યો છે .

# માહિતી અધિકાર સપ્તાહ ઉજવણી

## ૧૨મી ઓક્ટોબરે રાજકોટ કલેક્ટર કચેરી ખાતે "RTI સપ્તાહ" અંતર્ગત વિશેષ પરિસંવાદ યોજાશે

રાજકોટ:

ભારત સરકાર દ્વારા દર વર્ષે તા. ૫ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન "માહિતી અધિકાર સપ્તાહ''ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગના માર્ગદર્શન હેઠળ તા. ૧૨/૧૦/૨૦૨૬ ને સોમવારના રોજ બપોરે ૩:૧૫ કલાકે રાજકોટ કલેક્ટર કચેરીના મુખ્ય સભાખંડ ખાતે વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે બપોરે ૨:૩૦ થી ૩:૦૦ કલાક દરમિયાન રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

"સંવાદ-માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણ" વિષય પર યોજાનારા આ પરિસંવાદમાં રાજ્ય માહિતી કમિશનરશ્રી ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા ઉપરાંત મોરબી અને સુરેન્દ્રનગરની સરકારી કચેરીઓના અધિકારીશ્રીઓ પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે.

# કલેકટર કચેરી સામે કર્મચારીઓના બેનરો સાથે દેખાવો, વિરોધ પ્રદર્શન

## રાજય સરકારને રિપોર્ટ મોકલતુ કલેકટર તંત્ર : હડતાલવાળા તમામ કર્મચારીઓની સર્વિસ બ્રેક ગણાશે



રાજકોટ:

રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓ બઢતી-બદલી, સિનીયોરિટી યાદી મહેસુલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગોની કામગીરી દુર કરવા સહિતના પડતર પ્રશ્નો હલ કરવાની માંગણી સાથે આંદોલનનું શસ્ત્ર ઉઠાવી આજથી બેમુદતી હડતાલ પર ઉતરી જતા કલેકટર સહિતની મહેસુલી કચેરીઓની વહીવટી કામગીરી ઠપ્પ બની જવા પામેલ છે.

રાજકોટ જિલ્લાના તમામ મહેસુલી કર્મચારીઓએ આજે ઉઘડતી કચેરીએ જ કલેકટર કચેરી ખાતે ઉમટી પડી બેનરો સાથે દેખાવો વિરોધ પ્રદર્શન કર્યુ હતું. રાજકોટ સહિત જિલ્લામાં મહેસુલી કર્મચારીઓની સંખ્યા ૪૫૦ જેટલી રહેલી છે.કર્મચારીઓની સજજડ હડતાલના પગલે કલેકટર કચેરી ખાતે આજનુ મહેસુલી બોર્ડ રદ કરી નાંખવામાં આવેલ હતું જેના પગલે અરજદારોને ધરમ ધકકો થવા પામેલ હતો.

તેમજ કલેકટર-તાલુકા-મામલતદાર સહિતની કચેરીઓના જનસેવા કેન્દ્રોમાં આવકના દાખલા, રેશનકાર્ડ, ૭/૧૨, ૮/અ ના દાખલા સહિતની કામગીરી ઠપ્પ રહેતા દેકારો બોલી જવા પામેલ હતો. આ ઉપરાંત કલેકટર સહિતની મહેસુલી કચેરીઓમાં ખેતી-બિનખેતી, અશાંતધારાની ફાઈલો જમીનની કાચીપાકી નોંધો, હકકપત્રાક, વારસાઈ આંબો કઢાવવા, નામ ઉમેરવા-કમી કરવા મુખ્યમંત્રી અમૃતમ યોજના સહિતની કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓની અરજીઓની ચકાસણી સહિતની કામગીરી અટકી પડી હતી.

જેના પગલે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. અહી એ ઉલ્લેખનીય છે કે કર્મચારીઓની માસ સીએલ પણ જિલ્લા કલેકટર દ્વારા નામંજુર કરવામાં આવી હતી.હવે કર્મચારીઓ આજથી અચોકકસ મુદતની હડતાલનું શસ્ત્ર ઉગામતા કર્મચારીઓની સર્વિસ બ્રેક ગણાશે. કલેકટર તંત્ર દ્વારા જિલ્લાના કર્મચારીઓની હડતાલનો રિપોર્ટ રાજય સરકારને મોકલી દેવામાં આવેલ હોવાનું જાણવા મળ્યુ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ સામેનું સૌથી મોટું વિઘ્ન

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની ચર્ચા આજે પહેલા કરતા વધુ તીવ્ર બની છે, છતાં તેના કેન્દ્રમાં રહેલો વીટોનો પ્રશ્ન જ સૌથી મોટો ભાગલાનું કારણ બની ગયો છે. વિશ્વના અનેક દેશો એવું માને છે કે સુરક્ષા પરિષદનું વર્તમાન માળખું બીજા વિશ્વયુદ્ધ પછીની દુનિયાનું પ્રતિબિંબ છે અને આજની બદલાયેલી વૈશ્વિક વાસ્તવિકતાને તે ન્યાય આપી શકતું નથી. આ સંદર્ભમાં ભારત સહિત અનેક દેશો કાયમી સભ્યપદની માગણી કરી રહ્યા છે, પરંતુ વીટોના મુદ્દે આંતરરાષ્ટ્રીય સમુદાય બે સ્પષ્ટ છાવણીમાં વહેંચાયેલો જોવા મળે છે. એક વર્ગ એવો છે જે વીટોની સત્તાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની તરફેણ કરે છે, કારણ કે તેમના મતે આ સત્તાએ સુરક્ષા પરિષદને વારંવાર લકવાગ્રસ્ત બનાવી છે, જ્યારે બીજો વર્ગ નવા કાયમી સભ્યોને પણ આ જ અધિકાર આપીને તેનો વ્યાપ વધારવાની હિમાયત કરે છે. આ વૈચારિક મતભેદના કારણે સુધારાની પ્રક્રિયા સતત અટવાયેલી રહી છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અનેક વૈશ્વિક મંચો પરથી આ સુધારાની અનિવાર્યતા પર ભાર મૂક્યો છે, પરંતુ માત્ર માગણી કરવી પૂરતી નથી, તેની સાથે જોડાયેલા અધિકારો અને જવાબદારીઓને સુરક્ષિત કરવાનો પડકાર પણ એટલો જ મોટો છે.

આ સુધારાના માર્ગમાં સૌથી મોટો અને લગભગ અભેદ્ય અવરોધ એ પાંચ કાયમી સભ્યોની સર્વસંમતિ છે, જેમની પાસે વીટોની સત્તા છે. સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરમાં કોઈપણ મોટા સુધારા માટે આ પાંચેય દેશોની સંમતિ અનિવાર્ય છે અને અત્યાર સુધીનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે પાંચેય દેશો ક્યારેય એક પણ સુધારાના ફોર્મ્યુલા પર એકમત થયા નથી અને નજીકના ભવિષ્યમાં પણ આવી સર્વસંમતિની શક્યતા અત્યંત ઓછી જણાય છે. દરેક વીટો ધારક દેશ પોતાના ભૌગોલિક અને વ્યૂહાત્મક હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લે છે. જોકે આ દિશામાં એક નાનું છતાં મહત્વનું પગલું ૨૦૨૨માં લેવાયું હતું, જેને લિક્ટેંસ્ટાઈન વીટો પહેલ તરીકે ઓળખવામાં આવે છે. આ પહેલ અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ કાયમી સભ્ય સુરક્ષા પરિષદમાં વીટોનો ઉપયોગ કરે તો તેના દસ દિવસની અંદર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના પ્રમુખે એક વિશેષ બેઠક બોલાવવી પડે, જ્યાં વીટો કરનાર દેશે પોતાના નિર્ણયનો ખુલાસો આપવો પડે. આનાથી વીટોનો ઉપયોગ કરનાર દેશ પર એક નૈતિક અને રાજદ્વારી જવાબદારી વધી છે, પરંતુ તેનાથી વીટોની સત્તા પર કોઈ કાનૂની અંકુશ આવ્યો નથી અને તેથી જ કેટલીક પહેલ હજુ પણ ભારત જેવા દાવેદાર દેશોની તરફેણમાં પરિણમી નથી.કાયમી સભ્યપદ માટે ભારતનો દાવો સ્વાભાવિક રીતે મજબૂત માનવામાં આવે છે, કારણ કે તે વિશ્વની સૌથી મોટી વસ્તી ધરાવતો દેશ છે, ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને લોકશાહી મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. બ્રિક્સ જેવા વૈશ્વિક સમૂહમાં તેની સક્રિય ભૂમિકા અને ગ્લોબલ સાઉથના અવાજ તરીકેની તેની ઓળખે તેની ઉમેદવારીને વધુ વજન આપ્યું છે. પરંતુ આજના વિશ્વમાં માત્ર વસ્તી અને અર્થતંત્રના આધારે કાયમી બેઠક મળી શકતી નથી. બીજા વિશ્વયુદ્ધના અંત સમયે જે માપદંડ હતા તેના કરતા આજના માપદંડ અનેકગણા ઊંચા અને જટિલ છે. આજે વિશ્વ એવા દેશની અપેક્ષા રાખે છે જે પોતાના સાંકડા રાષ્ટ્રીય હિતોથી ઉપર ઊઠીને વૈશ્વિક હિતોને પ્રાથમિકતા આપી શકે. આ જ મુદ્દે છેલ્લા પાંચ વર્ષ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ અને કસોટીભર્યા રહ્યા છે.

# યુદ્ધની અગનજ્વાળામાં રચાતી એક અનોખી પ્રેમકહાની

## ફિડલ કાસ્ટ્રો અને નેટી : ક્રાંતિ, પ્રેમ અને વિયોગની નવલિકા

પ્રાંસગિક
સુરેશ ભટ્ટ

હવાના શહેરની રાતોમાં એક અનોખી જાદુઈ ચમક હતી. સમુદ્રમાંથી આવતી ઠંડી હવા, રસ્તાઓ પર વહેતી સંગીતની ધૂન અને રાત્રિના પ્રકાશમાં ઝળહળતું શહેર જાણે કોઈ સ્વપ્નની દુનિયા લાગતું. પરંતુ આ સુંદરતા પાછળ ક્યુબાના જીવનમાં રાજકીય અસંતોષ અને ઉથલપાથલનો પ્રવાહ ધીમે ધીમે ગાઢ બની રહ્યો હતો. આ જ સમયગાળામાં બે એવી વ્યક્તિઓ એકબીજાની નજીક આવી, જેમની દુનિયા એકબીજાથી ઘણી જુદી હતી. એક તરફ હતો યુવાન ફિડલ કાસ્ટ્રો, જેના મનમાં સત્તા સામે બળવો અને દેશને બદલવાની તીવ્ર ઈચ્છા ઉછળી રહી હતી. બીજી તરફ હતી નેટી રેવ્યુએલ્ટા, સંસ્કારી, શિક્ષિત અને સુખી જીવન જીવતી એક સ્ત્રી, જેના જીવનમાં વૈભવ તો હતો, પરંતુ મનની અંદર ક્યાંક એક અજાણી ખાલી જગ્યા પણ હતી.

ફિડલ અને નેટીની પ્રથમ મુલાકાત માત્ર બે વ્યક્તિઓની મુલાકાત નહોતી. તે જાણે બે અલગ દુનિયાઓનું મિલન હતું. નેટીને ફિડલમાં સામાન્ય રાજકીય યુવાન કરતાં કંઈક અલગ દેખાયું. તેની આંખોમાં અશાંતિ હતી, પરંતુ એ અશાંતિ પાછળ એક મોટું સ્વપ્ન પણ હતું. ફિડલને નેટીમાં માત્ર સૌંદર્ય દેખાયું નહોતું. તેને એક એવી સ્ત્રી મળી હતી જે તેની વાત સાંભળતી હતી, તેના વિચારોને સમજવાનો પ્રયત્ન કરતી હતી અને તેની અંદર ચાલતા તોફાનને અનુભવતી હતી.

નેટીનું જીવન બહારથી સુખી હતું. તેના ઘરમાં સંપત્તિ અને સામાજિક પ્રતિષ્ઠા હતી. પરંતુ માનવીનું મન માત્ર સુખ-સગવડથી સંતોષાતું નથી. ક્યારેક જીવનમાં એવી વ્યક્તિ મળી આવે છે જે આપણા મનના એવા ખૂણાને સ્પર્શી જાય છે જ્યાં વર્ષોથી કોઈ પહોંચ્યું ન હોય. ફિડલ સાથેની નેટીની નજીકતા ધીમે ધીમે એવી જ લાગણીમાં બદલાતી ગઈ.

ફિડલ માટે આ સમય માત્ર પ્રેમનો સમય નહોતો. ક્યુબાની રાજકીય પરિસ્થિતિ તેને સતત ખેંચી રહી હતી. દેશની સત્તા સામે લડવાની તેની ઈચ્છા દિવસેને દિવસે મજબૂત બની રહી હતી. તેને ખબર હતી કે આ રસ્તો સરળ નહોતો. આ રસ્તા પર જેલ હતી, જોખમ હતું, અજાણ્યું ભવિષ્ય હતું અને કદાચ મૃત્યુ પણ હતું.

નેટી આ બધું સમજતી હતી. છતાં પ્રેમ ઘણી વખત તર્કથી આગળ નીકળી જાય છે. ફિડલની અંદર રહેલા ક્રાંતિકારીને સ્વીકારવાની સાથે તેણે તેના સંઘર્ષને પણ સ્વીકાર્યો. તેમના સંબંધમાં વૈભવ અને ગરીબી, સુરક્ષા અને જોખમ, શાંતિ અને સંઘર્ષ—બધું એકસાથે ભળી ગયું.

પ્રેમ જ્યારે માત્ર લાગણી ન રહે અને જીવનના સંઘર્ષનો સાથી બની જાય ત્યારે તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. નેટી માટે ફિડલ હવે માત્ર પ્રિય પુરુષ નહોતો. તે એક એવા સ્વપ્નનો પ્રતિનિધિ બની ગયો હતો જેમાં ક્યુબાનું ભવિષ્ય બદલવાનું સપનું હતું. બીજી તરફ ફિડલ માટે નેટી એ અશાંત જીવન વચ્ચે મળેલો શાંતિનો એક નાનો ટાપુ બની ગઈ હતી.

પરંતુ ક્રાંતિના રસ્તે ચાલનાર માણસનું જીવન ક્યારેય સ્થિર રહેતું નથી. રાજકીય પ્રવૃત્તિઓ વધતી ગઈ અને ફિડલ માટે જોખમ પણ વધતું ગયું. અંતે જેલની દીવાલોએ તેને નેટીથી દૂર કરી દીધો.

જેલની અંદર સમય ધીમો પડી જાય છે. બહારની દુનિયા આગળ વધતી રહે છે, પરંતુ કેદીની દુનિયા એક જ જગ્યાએ અટકી જાય છે. ફિડલ માટે પણ આ સમય એવો જ હતો. બહારથી તે એક રાજકીય કેદી હતો, પરંતુ અંદરથી તે એક એવો માણસ હતો જેના મનમાં ક્રાંતિના વિચારો સાથે નેટીની યાદ પણ જીવંત હતી.

નેટી માટે પણ વિયોગ સહેલો નહોતો. ફિડલની ગેરહાજરીએ તેના જીવનમાં એક અદશ્ય ખાલીપો ઊભો કર્યો. તેમનો સંબંધ સમાજની નજરમાં સરળ નહોતો. પરિસ્થિતિઓ પણ તેમના પક્ષમાં નહોતી. છતાં લાગણીને હંમેશાં સમાજના નિયમો સમજાતા નથી.

જેલની દીવાલો વચ્ચે લખાયેલા પત્રો અને યાદોની દુનિયામાં બંને વચ્ચેનું અંતર થોડું ઓછું થતું. શબ્દો ઘણી વખત એ કરી શકે છે જે હાજરી કરી શકતી નથી. એકબીજાને લખાયેલા સંદેશાઓમાં આશા, ચિંતા, પ્રેમ અને ભવિષ્યની અનિશ્ચિતતા ભળેલી હતી.

સમય પસાર થયો. ફિડલ જેલમાંથી બહાર આવ્યો, પરંતુ હવે તેની સામે પહેલાં કરતાં પણ મોટો સંઘર્ષ હતો. ક્રાંતિનો માર્ગ તેને વધુ દૂર લઈ જવાનો હતો. તેના જીવનમાં વ્યક્તિગત સુખ માટે જગ્યા ઓછી થતી જતી હતી. નેટી સમજતી હતી કે જે માણસને તેણે પ્રેમ કર્યો છે તે હવે માત્ર તેનો નથી રહ્યો. તેના જીવન પર હવે એક આખા દેશનું સ્વપ્ન સવાર હતું.

આ સમજણ પ્રેમ માટે સૌથી કઠિન પરીક્ષા બની શકે છે. કોઈ વ્યક્તિને પ્રેમ કરવો સહેલું છે, પરંતુ તેને તેના સ્વપ્ન સાથે સ્વીકારવો ઘણી વખત મુશ્કેલ બને છે. નેટીએ ફિડલને રોક્યો નહીં. કદાચ તેના મનમાં ઈચ્છા હતી કે ફિડલ સામાન્ય જીવન જીવે, શાંતિથી તેની પાસે રહે, પરંતુ તે જાણતી હતી કે ફિડલ માટે એ શક્ય નહોતું.

ક્રાંતિ આગળ વધી. ક્યુબાના રાજકીય આકાશમાં પરિવર્તનનાં વાદળો ઘેરાતાં ગયાં. ફિડલનું નામ ધીમે ધીમે દેશની રાજકીય ચેતનામાં ગુંજવા લાગ્યું. જે માણસ ક્યારેક નેટી સાથે શાંત ક્ષણો વહેંચતો હતો તે હવે ઈતિહાસના મંચ પર ઊભો હતો.

પરંતુ ઈતિહાસના મંચ પર મળતી સફળતા વ્યક્તિના અંગત જીવનની ખાલી જગ્યાઓ હંમેશાં ભરી શકતી નથી.

ફિડલ સત્તાના શિખરે પહોંચ્યો. ક્યુબા બદલાઈ રહ્યું હતું. દુનિયા તેને ક્રાંતિકારી નેતા તરીકે જોવા લાગી. તેના નામ સાથે રાજકારણ, ક્રાંતિ અને સત્તા જોડાઈ ગયાં. પરંતુ નેટી માટે તે હજી પણ એ જ માણસ હતો જેને તેણે એક સમયે નજીકથી જોયો હતો, જેના વિચારોમાં આગ હતી અને જેના જીવનમાં એક અશાંત સ્વપ્ન ધબકતું હતું.

બંનેના રસ્તા હવે અલગ થઈ ચૂક્યા હતા. શહેર એક હતું, દેશ એક હતો, ભૂતકાળ પણ એક હતો, પરંતુ જીવનની દિશાઓ જુદી થઈ ગઈ હતી. નેટી પોતાના જીવનમાં આગળ વધતી રહી અને ફિડલ ક્યુબાના ઈતિહાસમાં વધુ ને વધુ ઊંડો પ્રવેશ કરતો ગયો.

સમયે તેમના સંબંધને સમાપ્ત કર્યો કે તેને માત્ર એક નવા સ્વરૂપમાં બદલી નાખ્યો, એ કહેવું મુશ્કેલ છે. કેટલાક પ્રેમ સંબંધો લગ્ન કે સાથે રહેવામાં પૂર્ણ થતા નથી. કેટલાક સંબંધો યાદ બનીને પણ જીવનભર જીવતા રહે છે.

નેટીના જીવનમાં ફિડલની યાદ એવી જ રહી. વર્ષો વીતી ગયા, રાજકીય પરિસ્થિતિઓ બદલાઈ, દુનિયા બદલાઈ, પરંતુ કેટલીક લાગણીઓ સમયની સાથે નબળી થવાને બદલે વધુ ઊંડી બની જાય છે.ફિડલ માટે પણ નેટી તેના જીવનના એક એવા અધ્યાયનું નામ હતી જેને ઈતિહાસની સત્તાવાર પુસ્તકોમાં કદાચ પૂરતું સ્થાન મળ્યું નહીં, પરંતુ વ્યક્તિગત જીવનની યાદોમાં તે અવિસ્મરણીય રહી.

આ પ્રેમકથા માત્ર બે વ્યક્તિઓની લાગણીની વાત નથી. તે એ સમયની પણ વાત છે જ્યારે ક્યુબા પરિવર્તનની આગમાંથી પસાર થઈ રહ્યું હતું. એક તરફ ક્રાંતિનો જ્વાળામુખી હતો અને બીજી તરફ માનવીય લાગણીઓનું નાજુક વિશ્વ. એક તરફ દેશ બદલવાની ઈચ્છા હતી અને બીજી તરફ કોઈ એક વ્યક્તિને પોતાના જીવનમાં સાચવી રાખવાની ઝંખના.

પ્રેમ અને ક્રાંતિ બંનેમાં એક સમાનતા છે. બંને માણસને પોતાની સીમાઓની બહાર લઈ જાય છે. પરંતુ બંનેની દિશા હંમેશાં એક રહેતી નથી. ક્યારેક ક્રાંતિ માણસને દુનિયા આપે છે, પરંતુ તેની પોતાની વ્યક્તિગત દુનિયા છીનવી લે છે. ક્યારેક પ્રેમ માણસને શાંતિ આપે છે, પરંતુ એ જ પ્રેમ તેને વિયોગની પીડા પણ આપે છે.ફિડલ અને નેટીની કથા એવી જ વિસંગતિથી ભરેલી છે. તેમના પ્રેમમાં મળવાનું સુખ હતું, વિયોગની વેદના હતી, યાદોની ઉષ્મા હતી અને અધૂરાપણાની એક લાંબી છાયા હતી.

કદાચ આ જ કારણે આ કથા માત્ર રાજકીય ઈતિહાસનો એક પ્રસંગ બનીને રહી જતી નથી. તે માનવીના હૃદયની એ સત્યતા સામે લઈ જાય છે કે દુનિયા જીતનાર માણસ પણ પોતાના હૃદયની કેટલીક લડાઈઓમાં હારી શકે છે.ક્રાંતિએ ફિડલને ઈતિહાસમાં અમર કર્યા, પરંતુ પ્રેમે તેમને નેટીના હૃદયમાં જીવંત રાખ્યા. યુદ્ધ અને સંઘર્ષની અગનજ્વાળામાં ખીલેલું તેમનું પ્રેમનું ફૂલ કદાચ સંપૂર્ણ રીતે ખીલી શક્યું નહીં, પરંતુ તેની સુગંધ સમયની લાંબી સફરમાં ક્યાંક ને ક્યાંક ટકી રહી.

# શાંડિલ્ય ભક્તિ દર્શન : પરમ પ્રેમ અને પૂર્ણ સમર્પણ

વિશેષ

મહર્ષિ શાંડિલ્યનો સંબંધ મહાન ઋષિ કશ્યપના વંશ સાથે છે. તેઓ ઋષિ અસિતના પૌત્ર અને મંત્ર દ્રષ્ટા મહર્ષિ દેવલના પુત્ર હતા. તેમનો ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદ શતપથ બ્રાહ્મણ અને મહાભારત જેવા પ્રસિદ્ધ ગ્રંથોમાં જોવા મળે છે. ઉપનિષદમાં વર્ણવાયેલી શાંડિલ્ય વિદ્યા ખૂબ જ પ્રસિદ્ધ છે. જેમાં આત્મા અને બ્રહ્મની એકતા સમજાવવામાં આવી છે. તેમણે શાંડિલ્ય ભક્તિ સૂત્રની રચના કરી હતી. આ ગ્રંથમાં ભક્તિના સ્વરૂપ, તેના પ્રકારો અને મહત્વનું ખૂબ જ સુંદર અને તાત્વિક વર્ણન કરવામાં આવ્યું છે. તેમણે ભક્તિને ઈશ્વર પ્રાપ્તિનો સૌથી સરળ અને સર્વોચ્ચ માર્ગ ગણાવ્યો છે. કુલ ૩ અધ્યાય અને ૧૦૦ સૂત્રોમાં વહેંચાયેલો આ ગ્રંથ મનુષ્યને બુદ્ધિથી હૃદય તરફ અને હૃદયથી અંતરાત્મા તરફ અને છેવટે પરમાત્મા તરફ લઈ જાય છે.

મહર્ષિ શાંડિલ્ય ગ્રંથના પ્રારંભમાં જ ભક્તિની અતિ સચોટ વ્યાખ્યા આપતા લખે છે - સા પરાનુરક્તિ ઈશ્વરે એટલે કે ઈશ્વર પ્રત્યેનો પરમ અને સર્વોચ્ચ અનુરાગ એટલે ભક્તિ. સંસારના નશ્વર પદાર્થો કે સંબંધો પ્રત્યે જે આકર્ષણ થાય તેને આપણે મોહ કે આસક્તિ કહીએ છીએ. પરંતુ જ્યારે આ આકર્ષણ પરમાત્મા તરફ થાય છે ત્યારે તે અનુરાગ બને છે. અનુરાગ એક એવો નિસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમ છે જેમાં કોઈ લોભ, ભય કે લૌકિક સુખોની અપેક્ષા હોતી નથી. આ ભક્તિનું ફળ દર્શાવતા શાંડિલ્ય ઋષિ જણાવે છે - તત્સંસ્થસ્ય અમૃતત્વબોધાત્ અર્થાત્ આ પરમ પ્રેમમાં જે જીવ સ્થિર થઈ જાય છે તેને અમૃતત્વ એટલે કે પરમ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ઈશ્વર તરફનો આ પ્રેમ જ જીવને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ અપાવનારો અમૃતકુંભ છે.

નારદ ભક્તિસૂત્રમાં ભક્તિને જ્ઞાનથી તદ્દન સ્વતંત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવી છે પણ શાંડિલ્ય ઋષિ બન્ને વચ્ચે સુંદર સેતુ બાંધે છે. તેઓ સ્પષ્ટ કહે છે - 'ન જ્ઞાનં વિશિષ્ટં ચેતસ્તદાયતત્વાત્ : કેવળ શુષ્ક જ્ઞાનથી મુક્તિ મળતી નથી કેમકે જ્ઞાનનું અંતિમ લક્ષ્ય પણ ચિત્તને ઈશ્વરમાં પરોવવાનું છે. જ્ઞાન એ જાણી શકે છે કે ઈશ્વર કોણ છે, કેવા છે પણ તેમને પામવા માટે હૃદયનો ભાવ જરૂરી છે. હૃદયનો આ ભાવ પરમ પ્રેમનો ભાવ છે. તે જ ભક્તિનો આધાર છે. જ્ઞાન વિના પ્રેમની આવી સ્થિતિ આવી શકતી નથી. જ્ઞાન પરિપક્વ થાય છે ત્યારે તે ભક્તિમાં પરિવર્તિત થઈ જાય છે. આમ, શાંડિલ્ય દર્શનમાં જ્ઞાન સાધન છે અને ભક્તિ સાધ્ય (અંતિમ ધ્યેય) છે.

ભક્તિમાં નાત, જાત, લિંગભેદ, પાંડિત્ય એવું કોઈ બંધન નથી તે દર્શાવવા શાંડિલ્ય મુનિ ગોપીઓનું ઉદાહરણ આપે છે - અત એવ તદવિહીનાનાં વ્રજસુંદરીણામ્ - જે વેદ-ઉપનિષદો કે મોટા શાસ્ત્રો જાણતી નહોતી તેવી વ્રજસુંદરીઓ (ગોપીઓ)ની ભક્તિ જગતમાં સર્વોચ્ચ માનવામાં આવી છે. ગોપીઓ પાસે બુદ્ધિનું પ્રદર્શન નહોતું, પણ હૃદયનું સમર્પણ હતું, આત્મ-નિવેદન હતું. તેમનો પ્રેમ એટલો પવિત્ર અને પ્રગાઢ હતો કે બ્રહ્મજ્ઞાની ઉદ્ધવજી પણ તેમનું જ્ઞાન ભૂલીને ગોપીઓની ચરણ રજ પોતાના પર પડે તે હેતુથી વૃંદાવનમાં લતા, વેલી કે ઘાસ બનવાની ઈચ્છા વ્યક્ત કરવા લાગ્યા હતા - 'આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ । યા દસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા, ભેજુર્મુકુન્દપદવી શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥

(શ્રીમદ્ ભાગવત્, દશમ્ સ્કંધ) અધ્યાય-૪૭, શ્લોક-૬૧ અહો ! હું વૃંદાવનની ભૂમિ પર કોઈ લતા, વેલી કે વનસ્પતિ (ઘાસ) તરીકે જન્મું (એવી મારી ઈચ્છા છે) જેથી મને આ ગોપીઓના ચરણની ધૂળ પ્રાપ્ત થતી રહે. આ ગોપીઓએ પોતાના સગાં-વહાલાં અને લોકમર્યાદાના એ રસ્તાનો ત્યાગ કરીને, જેનો ત્યાગ કરવો અત્યંત કઠિન છે, ભગવાન શ્રીકૃષ્ણના ચરણોનો આશ્રય લીધો છે, એ ચરણકમળ કે જેને વેદની શ્રુતિઓ પણ નિરંતર શોધતી રહે છે.

આ પરમ સ્થિતિ સુધી પહોંચવા માટે શાંડિલ્ય ઋષિ ભક્તિના બે ભાગ પાડે છે : પરા ભક્તિ અને ગૌણી ભક્તિ. શ્રવણ, કીર્તન, સ્મરણ અને પૂજા-અર્ચના એ ગૌણી ભક્તિ છે. ભજનાનારેષુ શ્રવણ, કીર્તનાદીનાં ગૌણત્વમ્ । આ તમામ ક્રિયાઓ સાધનરૂપ છે.

# ભારતની આકાશી સિદ્ધિ - ડીઆરડીઓનું એરશીપ

**અંતરિક્ષ એટલે કે સ્પેસ અને બ્રહ્માંડ એટલે કે યુનિવર્સના સ્ટ્રેટોસ્ફિયર વચ્ચેનો તફાવત ઘણો મોટો છે. અંતરિક્ષ પૃથ્વીથી ઘણું દૂર છે, જ્યારે સ્ટ્રેટોસ્ફિયર પૃથ્વીથી ૧૦ થી ૫૦ કિલોમીટરની વચ્ચેનો વિસ્તાર છે. આ એરશીપ અંતરિક્ષમાં નહીં, પણ બ્રહ્માંડના સ્ટ્રેટોસ્ફિયરમાં તહેનાત રહેશે. તે ૨૧ કિલોમીટરની ઊંચાઈએથી દુશ્મન પર નજર રાખશે.**

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

ભારતે આકાશમાં એક નવી સિદ્ધિ હાંસલ કરી છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન એટલે કે ડીઆરડીઓએ મંગળવારે એક ખાસ એરશીપનું પરીક્ષણ કર્યું હતું. આ એરશીપ એક પ્રકારનું બલૂન છે, જે હવામાં ખૂબ જ ઊંચે ઊડે છે. પરીક્ષણ દરમિયાન તે ૨૧ કિલોમીટરની ઊંચાઈએ પહોંચ્યું હતું. આ કોઈ સામાન્ય બલૂન કે ડ્રોન નથી. તે એટલું ઊંચું ઉડે છે કે વિમાનો પણ તેના સુધી પહોંચી શકતા નથી. તેને હાઈ એલ્ટિટ્યુડ પ્લેટફોર્મ સિસ્ટમ એટલે કે એચએપીએસ કહેવામાં આવે છે. આ સિસ્ટમ સ્ટ્રેટોસ્ફિયરમાં કામ કરવા માટે બનાવવામાં આવી છે. સ્ટ્રેટોસ્ફિયર એટલે પૃથ્વીના વાતાવરણનો એ ભાગ જ્યાં મોટા વિમાનો ઉડે છે અને ઓઝોન સ્તર પણ આવેલું છે. અહીં એક વાત સમજવી જરૂરી છે કે અંતરિક્ષ એટલે કે સ્પેસ અને બ્રહ્માંડ એટલે કે યુનિવર્સના સ્ટ્રેટોસ્ફિયર વચ્ચેનો તફાવત ઘણો મોટો છે. અંતરિક્ષ પૃથ્વીથી ઘણું દૂર છે, જ્યારે સ્ટ્રેટોસ્ફિયર પૃથ્વીથી ૧૦ થી ૫૦ કિલોમીટરની વચ્ચેનો વિસ્તાર છે. આ એરશીપ અંતરિક્ષમાં નહીં, પણ બ્રહ્માંડના સ્ટ્રેટોસ્ફિયરમાં તહેનાત રહેશે. તે ૨૧ કિલોમીટરની ઊંચાઈએથી દુશ્મન પર નજર રાખશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે પરીક્ષણો દરમિયાન એરશીપ સતત ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન પર રીઅલ-ટાઈમ વિડિયો અને ડેટા મોકલતું રહેતું હતું. રીઅલ-ટાઈમ એટલે એ જ ક્ષણે માહિતી મળવી, જે ક્ષણે ઘટના બનતી હોય. આ સિસ્ટમ સંદેશાવ્યવહાર, દેખરેખ અને મોનિટરિંગના મિશનમાં મદદ કરશે. મોનિટરિંગ એટલે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પર સતત નજર રાખવી. આ એરશીપ દેખાવમાં ભલે બલૂન લાગે, પરંતુ સુરક્ષા, સંરક્ષણ અને દેખરેખની દૃષ્ટિએ તે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તેમાં ઈનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ, જીપીએસ રિસીવર, ઓનબોર્ડ કેમેરા અને ઊંચાઈ કન્ટ્રોલ કરતું મિકેનિઝમ જેવા અનેક પ્રકારના ઉપકરણો લગાવવામાં આવ્યા છે. ઈનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ એટલે એવું ઉપકરણ જે એરશીપની ગતિ, દિશા અને સ્થિતિ માપે છે. જીપીએસ રિસીવર એટલે એવું ઉપકરણ જે ઉપગ્રહો દ્વારા સ્થાનની માહિતી આપે છે. ઓનબોર્ડ કેમેરા એટલે એરશીપની અંદર લગાવેલો કેમેરો જે નીચે જમીન પરની ઘટનાઓની તસવીરો લે છે. ઊંચાઈ કન્ટ્રોલ કરતું મિકેનિઝમ એટલે એવી વ્યવસ્થા જે એરશીપને યોગ્ય ઊંચાઈ પર રાખે છે. આ એરશીપ ૨૦ થી ૨૧ કિલોમીટરની ઊંચાઈથી જમીન પર નજર રાખશે. તે એવા કાર્યો કરી શકશે જેના માટે હાલ ઉપગ્રહોની જરૂર પડે છે. ઉપગ્રહો એટલે અંતરિક્ષમાં ફરતા યંત્રો જે પૃથ્વીના ફોટા લે છે અથવા સંદેશા પહોંચાડે છે. આ એરશીપ ઉપગ્રહો કરતાં સસ્તું છે. તે લાંબા સમય સુધી ઊંચાઈ પર રહી શકે છે અને ત્યાંથી સરહદ અથવા દુશ્મનની ગતિવિધિઓનું નિરીક્ષણ કરી શકે છે. દુશ્મનની ગતિવિધિઓ એટલે દુશ્મન દેશની સેનાની હિલચાલ, તેમના વાહનો, હથિયારો અને સૈનિકોની સ્થિતિ. આ હાઈ ઓલ્ટિયુડ પ્લેટફોર્મ સિસ્ટમને આગ્રામાં આવેલી ડીઆરડીઓની પ્રયોગશાળા એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ એટલે કે એડીઆરડીઈ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે. ડિઝાઈન એટલે એરશીપનો આકાર, તેની બનાવટ અને તેના ભાગોની યોજના. વિકસિત એટલે તેને બનાવવું અને તેમાં સુધારા કરવા. તે હવા કરતાં વજનમાં હલકી સિસ્ટમ છે. હવા કરતાં હલકી એટલે એવી વસ્તુ જે હવામાં તરે છે, જેમ કે હિલિયમ ગેસથી ભરેલું બલૂન. તેને લાંબા સમય સુધી સ્ટ્રેટોસ્ફિયરમાં કાર્યરત રહેવા માટે સક્ષમ લાંબા-સહનશીલ એરિયલ પ્લેટફોર્મ તરીકે વિકસાવવામાં આવી રહી છે. લાંબા-સહનશીલ એટલે ઘણા દિવસો કે મહિનાઓ સુધી કામ કરી શકે તેવું. એરિયલ પ્લેટફોર્મ એટલે હવામાં તરતું એવું મંચ જેના પર ઉપકરણો લગાવીને માહિતી એકત્ર કરી શકાય.

આ સિસ્ટમનો સૌથી મોટો ફાયદો એ છે કે તે ઉપગ્રહો કરતાં ઓછી કિંમતમાં વધુ સમય સુધી એક જ જગ્યાએ રહીને સતત દેખરેખ આપી શકે છે. ઉપગ્રહો પૃથ્વીની આસપાસ ફરતા રહે છે, તેથી એક જ જગ્યાને સતત નજરમાં રાખવી મુશ્કેલ બને છે. પરંતુ આ એરશીપ એક જ જગ્યાએ સ્થિર રહીને સતત તે વિસ્તાર પર નજર રાખી શકે છે. આ ઉપરાંત, ઉપગ્રહોને બનાવવા અને તેને અંતરિક્ષમાં મોકલવા માટે ઘણો ખર્ચ થાય છે, જ્યારે આ એરશીપને સ્ટ્રેટોસ્ફિયરમાં મોકલવું પ્રમાણમાં સસ્તું છે. સ્ટ્રેટોસ્ફિયરમાં હવાનું દબાણ ઓછું હોય છે અને તાપમાન ઘણું નીચું હોય છે, તેથી આ એરશીપને એવી રીતે બનાવવામાં આવ્યું છે કે તે આ કઠિન પરિસ્થિતિમાં પણ કામ કરી શકે. આ એરશીપનો ઉપયોગ ફક્ત સંરક્ષણ માટે જ નહીં, પણ કુદરતી આપત્તિઓમાં પણ થઈ શકે છે. દા.ત., પૂર, ભૂકંપ કે વાવાઝોડાની સ્થિતિમાં આ એરશીપ ઊંચાઈથી આખા વિસ્તારની તસવીરો લઈને મદદ કરી શકે છે. તે જંગલોમાં આગ લાગે ત્યારે તેની દિશા અને ફેલાવો જોઈ શકે છે. તે ખેતી માટે પણ ઉપયોગી થઈ શકે છે, જેમ કે પાકની સ્થિતિ જોવી અને જમીનની ભેજનું પ્રમાણ માપવું. આ ઉપરાંત, તે સંદેશાવ્યવહાર માટે પણ મદદ કરી શકે છે, ખાસ કરીને દૂરના ગામડાઓ કે પર્વતીય વિસ્તારોમાં જ્યાં મોબાઈલ ટાવર નથી પહોંચતા. આ સિસ્ટમ ભારતની તકનીકી પ્રગતિનું પ્રતીક છે. તે દર્શાવે છે કે ભારત પોતાની જમીન પર જ આધુનિક તકનીકી વિકસાવી શકે છે. ડીઆરડીઓ દ્વારા કરવામાં આવેલું આ પરીક્ષણ સફળ રહ્યું છે, જે ભવિષ્યમાં ઘણા નવા ઉપયોગોની શક્યતાઓ ખોલે છે. આ સિસ્ટમને વધુ વિકસિત કરીને ભારત તેને મોટા પાયે ઉત્પાદન કરી શકે છે અને અન્ય દેશોને પણ નિકાસ કરી શકે છે. આમ, આ એરશીપ ભારતના સંરક્ષણ, સુરક્ષા અને વિજ્ઞાનના




ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તે અંતરિક્ષમાં નહીં, પણ સ્ટ્રેટોસ્ફિયરમાં રહીને દુશ્મન પર નજર રાખશે અને દેશની સુરક્ષામાં મદદ કરશે. આ સિસ્ટમ ભવિષ્યમાં ભારતની સૈન્ય શક્તિ અને તકનીકી આત્મનિર્ભરતાનું પ્રતીક બની રહેશે.

# શ્રેયસ ઐયરે વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ ટી૨૦માં સદી સાથે નવો રેકોર્ડ બનાવ્યો

હૈદરાબાદ,

શ્રેયસ ઐયરે લખનૌના એકાના સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ ટી૨૦માં પોતાની બેટિંગથી બધાને આકર્ષ્યા. ચોથા નંબર પર બેટિંગ કરી રહેલા ભારતીય કેપ્ટને માત્ર ૪૩ બોલમાં અણનમ ૧૦૨ રનની ધમાકેદાર ઈનિંગ રમી, જેનાથી ટીમને ૧૭૨ રનના લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ મળી. તેમની ઈનિંગમાં ૧૦ ચોગ્ગા અને છ છગ્ગાનો સમાવેશ થતો હતો. ભારતે મેચ આઠ વિકેટથી જીતી અને શ્રેણીમાં લીડ મેળવી, જ્યારે ઐયરે વિરાટ કોહલીનો મોટો રેકોર્ડ પણ તોડ્યો.

ઐયરે હવે ટી૨૦ આંતરરાષ્ટ્રીય રન ચેઝ દરમિયાન સદી ફટકારનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો છે. અગાઉ, ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં લક્ષ્યનો પીછો કરતી વખતે કોઈ ભારતીય કેપ્ટન સદી ફટકારી ન હતી. ઐયરની સદી પહેલા, વિરાટ કોહલીએ ટી ૨૦ આંતરરાષ્ટ્રીયમાં ભારતીય કેપ્ટન તરીકે સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો. ૬ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ હૈદરાબાદમાં વેસ્ટ ઈન્ડીઝ સામે પીછો કરતી વખતે કોહલીએ અણનમ ૯૪ રન બનાવ્યા હતા. તેમણે ૫૦ બોલની ઈનિંગમાં છ ચોગ્ગા અને છ છગ્ગા ફટકાર્યા હતા. હવે, ઐયરે ૪૩ બોલમાં અણનમ ૧૦૨ રન બનાવીને આ રેકોર્ડ પોતાના નામે



કર્યો છે. નોંધપાત્ર વાત એ છે કે, બંને ખેલાડીઓએ વેસ્ટ ઈન્ડીઝ સામે આ મોટી ઈનિંગ રમી હતી.

ભારતના કેપ્ટન તરીકે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય રન ચેઝ દરમિયાન સૌથી વધુ ઈનિંગ્સનો રેકોર્ડ હવે ઐયરના નામે છે. તેમના અણનમ ૧૦૨ રન ૨૩૭.૨૦ના સ્ટ્રાઈક રેટથી આવ્યા. આ પછી વિરાટ કોહલીના અણનમ ૯૪ અને રોહિત શર્માના ૮૫ રન છે. રોહિતે ૭ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ રાજકોટમાં બાંગ્લાદેશ સામે આ ઈનિંગ્સ રમી હતી. આ સદી ઐયર માટે ઘણી રીતે ખાસ હતી. તે ્૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમની પ્રથમ સદી હતી. આ સાથે, તે ભારતની કેપ્ટનશીપ દરમિયાન ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સદી ફટકારનાર ત્રીજો ખેલાડી પણ બન્યો.ઐયર પહેલા, રોહિત શર્મા ભારતના કેપ્ટન તરીકે ્૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રણ સદી ફટકારી ચૂક્યો છે. સૂર્યકુમાર યાદવે ડિસેમ્બર ૨૦૨૩ માં દક્ષિણ આફ્રિકા સામે ભારતની કેપ્ટનશીપ દરમિયાન સદી ફટકારી હતી. હવે, ઐયરે પણ આ વિશિષ્ટ ક્લબમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે. જોકે, ટી ૨૦ રન ચેઝમાં કેપ્ટન દ્વારા સૌથી વધુ ઈનિંગ્સનો રેકોર્ડ હજુ પણ પાકિસ્તાનના બાબર આઝમના નામે છે.

# અજિત અગરકરના સ્થાને હવે પ્રજ્ઞાન ઓઝા વચગાળાના મુખ્ય પસંદગીકાર તરીકે નિયુક્ત

નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય પસંદગીકાર તરીકે ભૂતપૂર્વ ઝડપી બોલર અજિત અગરકરનો કાર્યકાળ મંગળવારે સમાપ્ત થયો, કારણ કે તેમણે તેને લંબાવવાનો ઈનકાર કર્યો હતો.બીસીસીઆઈએ સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી. અગરકરના સ્થાને પસંદગી સમિતિ માટે બીસીસીઆઈએ નવી અરજીઓ મંગાવી છે, જેમાં અરજીઓ સબમિશન કરવાની અંતિમ તારીખ ૧૪ ઓક્ટોબર છે.

અજીત અગરકરના ગયા બાદ, ભૂતપૂર્વ ભારતીય સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને કામચલાઉ સમયગાળા માટે વચગાળાના મુખ્ય પસંદગીકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



ઓઝા હવે ન્યૂઝીલેન્ડ સામેની આગામી ટી૨૦,વનડે અને ટેસ્ટ શ્રેણી માટે ટીમ પસંદગી બેઠકોનું નેતૃત્વ કરશે. વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણી માટે ટીમની પસંદગી અગરકરનું છેલ્લું કાર્ય હતું, અને ભારતીય ટીમે તેમના કાર્યકાળ દરમિયાન ઘણી નોંધપાત્ર સફળતાઓ મેળવી હતી. અજિત અગરકરના ગયા પછી મ્ઝ્ઝૈં આગામી મુખ્ય પસંદગીકાર તરીકે કોને નિયુક્ત કરે છે તે જોવાનું બાકી છે.

અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતીય ટીમે ઘણી મહત્વપૂર્ણ સફળતાઓ મેળવી. ટીમ ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી, ૨૦૨૪ અને ૨૦૨૬ ્૨૦ વર્લ્ડ કપ જીતી અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી. આ દરમિયાન, રોહિત શર્માને લગતી ઘણી અફવાઓ સામે આવી હતી, જેને બીસીસીઆઈએ ફગાવી દીધી હતી. પાછળથી, બીસીસીઆઈની ખાસ બેઠકમાં અગરકરની ગેરહાજરીથી સ્પષ્ટ થઈ ગયું કે તે હવે આ પદ પર રહેવા માંગતો નથી.

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે સ્મૃતિ મંધાનાની નિમણૂક : ઝિમ્બાબ્વે શ્રેણી માટે ટીમની જાહેરાત

નવીદિલ્હી,

ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની ટી ૨૦ અને ત્રણ મેચની વનડે શ્રેણી માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે એક મોટો ફેરફાર દર્શાવે છે. સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાને ભારતીય મહિલા ક્રિકેટ ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હરમનપ્રીત કૌરે અચાનક ત્રણેય ફોર્મેટની કેપ્ટનશીપ છોડી દીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજીનામાના થોડા કલાકો પછી, ક્રિકેટ બોર્ડે સત્તાવાર રીતે મંધાનાને નવી કેપ્ટન તરીકે જાહેર કરી. સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપ આગામી ઝિમ્બાબ્વે પ્રવાસથી શરૂ થશે.

સ્મૃતિ મંધાના માટે કેપ્ટનશીપ કોઈ અજાણી વાત નથી; તેણીએ અગાઉ ૧૮ ટી ૨૦ અને ચાર વનડે માં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું છે. જોકે, આ પહેલી વાર છે જ્યારે બીસીસીઆઈએ તેને મર્યાદિત ઓવર ફોર્મેટ (ચી ૨૦ અને વનડે) માં કેપ્ટન તરીકે નિયુક્ત કરી છે. શેફાલી વર્માને ઝિમ્બાબ્વે સામેની



ટી ૨૦ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. દીપ્તિ શર્માને વનડે ટીમની ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે.સ્મૃતિ મંધાનાએ કહ્યું કે ભારતીય ટીમની કેપ્ટનશીપ મેળવવી તેમના માટે ખૂબ જ સન્માનની વાત છે. તેમણે કહ્યું કે તેમના દેશ માટે રમવું હંમેશા તેમના માટે ખૂબ જ ખાસ રહ્યું છે, અને હવે જ્યારે તેમને ટીમનું નેતૃત્વ કરવાની તક મળી છે, ત્યારે તે આ જવાબદારી સંપૂર્ણ સમર્પણ સાથે નિભાવશે. તેણીએ બીસીસીઆઈ, પસંદગીકારો, તેણીના સાથી ખેલાડીઓ અને તેણીને આ સીમાચિહ્ન સુધી પહોંચવામાં મદદ કરવા માટે તેણીની સમગ્ર સફરમાં ટેકો આપનાર દરેકનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.ભારતની ટી ૨૦ ટીમઃ સ્મૃતિ મંધાના (કેપ્ટન), શેફાલી વર્મા (વાઈસ-કેપ્ટન), નીકી પ્રસાદ, હરમનપ્રીત કૌર, અનુષ્કા શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જી. કમલિની (વિકેટકીપર), દીપ્તિ શર્મા, પ્રેમા રાવત, શ્રી ચરાણી, નંદી શર્મા, નંતિ ગોંડિ, કે અરમાન લાલ, કે. કલિતા, મિનુ મણિ ભારતની વનડે ટીમઃ સ્મૃતિ મંધાના (કેપ્ટન), શેફાલી વર્મા, પ્રતિકા રાવલ, હરમનપ્રીત કૌર, હરલીન દેઓલ, તેજલ હસબનીસ, દીપ્તિ શર્મા (વાઈસ-કેપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), યાસ્તિકા ભાટિયા (વિકેટકીપર), વૈષ્ણવી શર્મા, શ્રીમતી ચારણ, શ્રીમતી ગોવિંદ, શ્રીમતી ગોવિંદ સાતઘરે, રેણુકા ઠાકુર....

# ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન ઈજાને કારણ દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાંથી બહાર

ડર્બન,

દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણીની શરૂઆત પહેલા ઓસ્ટ્રેલિયાને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન ઈજાને કારણે ડર્બનમાં પ્રથમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયા છે. ગ્રીનને દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી વનડે દરમિયાન પેટમાં ઈજા થઈ હતી.

પોચેફસ્ટ્રોમમાં રમાયેલી ત્રીજી વનડે દરમિયાન ગ્રીનને ઈજા થઈ હતી. તે મેચમાં તેણે કોર્બિન બોશ સામે ફક્ત ત્રણ બોલ ફેંક્યા હતા. આ દરમિયાન, એક બોલ તેના પેટ પર વાગ્યો, ત્યારબાદ તેણે છગ્ગો ફટકાર્યો અને પછી બેટ્સમેનને આઉટ કર્યો.



ત્યારબાદના પરીક્ષણોમાં તેના પેટના સ્નાયુઓમાં ખેંચાણની પુષ્ટિ થઈ.અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયાના મેડિકલ સ્ટાફને આશા છે કે ગ્રીન ગકેબેરહા અથવા કેપટાઉનમાં ટેસ્ટ મેચ રમવા માટે ફિટ થઈ જશે. જો તે પછીની મેચ માટે પાછો ફરે તો પણ તેનો બોલર તરીકે ઉપયોગ કરવામાં આવશે નહીં. ગ્રીનની ગેરહાજરી ઓસ્ટ્રેલિયા માટે એક મોટો ફટકો છે, કારણ કે તાજેતરના સમયમાં તે બેટથી વિશ્વસનીય ખેલાડી રહ્યો છે. ઓગસ્ટમાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં તે ઓસ્ટ્રેલિયાનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. વધુમાં, છેલ્લી એશિઝ શ્રેણી દરમિયાન અલગ અલગ સ્થાન પર બેટિંગ કર્યા પછી, તેણે નંબર ૫ પર પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું.મેકડોનાલ્ડે ગ્રીનની બેટિંગમાં પરિવર્તનની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે પાછલી સ્થાનિક સિઝન પછી ગ્રીનના પ્રભાવશાળી પુનરાગમનથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે. ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી નક્કી કર્યું નથી કે પ્લેઈંગ ઈલેવનમાં ગ્રીનનું સ્થાન કોણ લેશે. જોકે, કૂપર કોનોલી અને તાજેતરમાં પાછા બોલાવવામાં આવેલા નિક મેડિન્સનને દોડમાં વિકલ્પો માનવામાં આવે છે.

# તુમ રહે ના તુમ: જીમી શેરગીલ અને દિવ્યા દત્તાની ફિલ્મ ટોરોન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં ધૂમ મચાવશે

મુંબઈ,

જીમી શેરગીલ અને દિવ્યા દત્તા તેમની ફિલ્મ "તુમ રહે ના તુમ" સાથે ચર્ચામાં આવ્યા છે. આ મનોવૈજ્ઞાનિક કૌટુંબિક નાટકનું વર્લ્ડ પ્રીમિયર ૧૦ ઓક્ટોબરે ટોરોન્ટોમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ સાઉથ એશિયા ખાતે થશે. આ ફિલ્મ "ગાલા પ્રીમિયર" તરીકે પ્રદર્શિત થશે.

આ ફિલ્મ સ્વીડિશ નાટ્યકાર ઓગસ્ટ સ્ટ્રિન્ડબર્ગના પ્રખ્યાત નાટક "ધ ફાધર" પર આધારિત છે. તે સમકાલીન ભારતીય પરિવારમાં નાટકના મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક





પાસાઓની પુનઃકલ્પના કરે છે. ઉત્તરાખંડના એક પહાડી શહેરમાં સેટ કરેલી આ ફિલ્મ એક પતિ-પત્નીની વાર્તા કહે છે જેમની પુત્રીના ભવિષ્ય માટેનો ઝઘડો ગંભીર સંઘર્ષમાં ફેરવાઈ જાય છે.

"તુમ રહે ના તુમ" મુખ્યત્વે શક્તિ, વારસો, માતાપિતાની અપેક્ષાઓ અને બાળકનું ભવિષ્ય નક્કી કરવાના અધિકાર જેવા મુદ્દાઓને સંબોધે છે. તે એ પણ બતાવે છે કે પિતૃસત્તા, અસુરક્ષા અને ભાવનાત્મક ઘા પરિવારને કેવી રીતે બદલી શકે છે.આ ફિલ્મ પ્રેમ મોદી દ્વારા દિગ્દર્શિત છે. જીમી શેરગિલ અને દિવ્યા દત્તા મુખ્ય ભૂમિકામાં છે. તનિષ્કા તિવારી, હર્ષ છાયા, ઝરીના વહાબ અને રાજેશ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે. તેનું નિર્માણ ફેનેટિકલી ફિલ્મી પ્રાઈવેટ લિમિટેડના બેનર હેઠળ વિન્ની ચાવલા, વૃંદા ચાવલા અને સોનુ કાત્યાલ દ્વારા કરવામાં આવ્યું છે.

પટકથા રાકેશ કુમાર ત્રિપાઠી દ્વારા લખવામાં આવી છે. વિક્રમજીત રોય એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર છે, જ્યારે દીપંકર 'જોજો' ચાકી એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર અને સાઉન્ડ ડિઝાઈનર છે.આઈએફએફએસએ ટોરોન્ટોએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર 'તુમ રહે ના તુમ' ના પ્રીમિયરની જાહેરાત કરી છે.આઈએફએફએસ ટોરોન્ટો ખાતે ફિલ્મના વર્લ્ડ પ્રીમિયર વિશે બોલતા, જીમી શેરગિલે કહ્યું, આઈએફએફએસ ટોરોન્ટો ખાતે તેના વર્લ્ડ પ્રીમિયર સાથે 'તુમ રહે ના તુમ' ની સફર શરૂ કરવી ખૂબ જ ખાસ છે. વાર્તા એક ભારતીય પરિવાર પર આધારિત છે, પરંતુ દરેક માટે લાગણીઓ સમાન છે. મને આશા છે કે આ ફિલ્મ ભાષા અને ભૂગોળની સીમાઓથી આગળના લોકો સાથે જોડાશે.'

# અભિનેત્રી કરીના કપૂર ફિલ્મ "કિંગ" ના "ડેડી કૂલ" ગીતમાં શાહરૂખ ખાન સાથે જોવા મળશે

મુંબઈ,

ચાહકો અભિનેતા શાહરૂખ ખાનની ફિલ્મ "કિંગ" ની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પરંતુ આ ફિલ્મનું ગીત "ડેડી કૂલ" વધુ ખાસ બનવાનું છે. અહેવાલ છે કે આ ગીતમાં બાદશાહ સાથે કરીના કપૂર પણ જોવા મળશે.

શાહરૂખ ખાન અને કરીના કપૂર ખાન આગામી એક્શન ફિલ્મ 'કિંગ'ના એક મુખ્ય ગીતમાં ફરી સાથે જોવા મળશે. અહેવાલો અનુસાર, કરીનાએ 'ડેડી કૂલ' નામના ગીતમાં ખાસ ભૂમિકા ભજવવા માટે સંમતિ આપી છે, જેનું શૂટિંગ આ મહિનાના અંતમાં દક્ષિણ આફ્રિકામાં એક ભવ્ય સમારોહમાં કરવામાં આવશે.

ફિલ્મ 'કિંગ'નું ગીત 'ડેડી કૂલ'





એ પહેલું પ્રોજેક્ટ નથી જેના માટે શાહરૂખ અને કરીનાએ સહયોગ કર્યો છે. આ પહેલા કરીના અને શાહરૂખે 'અશોકા', 'કભી ખુશી કભી ગમ' અને 'રા.વન' જેવી મોટી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. કરીનાએ શાહરૂખની ઘણી ફિલ્મોમાં કેમિયો અથવા ખાસ ગીતો પણ રજૂ કર્યા છે.

પિંકવિલાના અહેવાલો અનુસાર, "ડેડી કૂલ" આ એક્શન ફિલ્મના મુખ્ય ગીતોમાંનું એક બનવાનું છે. પ્રોડક્શન શેડ્યૂલ અનુસાર, કરીનાને દક્ષિણ આફ્રિકામાં શાહરૂખ સાથે તેના ભાગનું શૂટિંગ કરવા માટે લગભગ પાંચ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | બ | અં | પ્રા | ઊ | બં | કા | ધ | ૨ | અ | એ | સ |
| મા | રા | કા | મા | ક | વિ | હિ | ધ | ઉ | ડી | વિ | બા |
| કુ | બ | ૨ | ણિ | ભ | ૨ | ધ | ગં | ૨ | ગ | દ | ભો |
| વા | ૨ | એ | ક | લા | મ | એ | પ્ર | સ | બા | પ્રા | ૨ |
| ડી | ઈ | કા | લી | તી | ભો | રો | અ | કી | ફ | બા | લ |
| પ્ર | આ | ળ | ૨ | જ્ઞા | શ | શિ | ણા | લ | ૨ | કા | ભો |
| સ | મા | સા | વા | વિ | ૨ | ગ | બં | ણિ | જ | અ | ન |
| સ | અ | દ | ગ | ણે | ણ | ક | ભા | ધ | ૨ | દ | કી |
| લ | બિ | વા | ૨ | લ | ૨ | મા | ક્ષ | તી | ણિ | ક | બા |
| પ્ર | મ | હિ | મા | અ | દ | કા | મા | ડો | ગ | પ્ર | ગી |
| પ્ર | સા | ફ | દ | તુ | પ્રા | શિ | તુ | મા | ઈ | ળ | દા |
| રા | અ | દ | ધ | ઉ | બૂ | રી | એ | લા | આ | ક્ષ | બ |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ૧૪ વર્ષના લગ્નજીવન પછી વિજયેન્દ્ર કુમેરિયા અને પ્રીતિ ભાટિયા છૂટાછેડા લઈ રહ્યા છે

મુંબઈ,

ટીવી અભિનેતા વિજયેન્દ્ર કુમેરિયાએ આખરે તેમના મુશ્કેલીગ્રસ્ત લગ્નજીવન અને અલગ થવા વિશે વાત કરી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તેમણે તેમની પત્ની પ્રીતિ ભાટિયાથી છૂટાછેડાની પુષ્ટિ કરી. વિજયેન્દ્ર અને પ્રીતિના લગ્ન જાન્યુઆરી ૨૦૧૨ માં થયા હતા. તેમને કિમાયા નામની એક પુત્રી છે. નોંધનીય છે કે વિજયેન્દ્ર અને પ્રીતિના અલગ થવાની અફવાઓ ઘણા સમયથી ઓનલાઈન ફરતી હતી. "નાગિન" ના અભિનેતા વિજયેન્દ્ર કુમેરિયાએ તેમની પત્ની પ્રીતિ ભાટિયાથી છૂટાછેડાની પુષ્ટિ કરી છે, અને કહ્યું છે કે તેઓ ચાર વર્ષથી અલગ રહે છે.

વિજયેન્દ્ર કુમેરિયાએ પ્રીતિ ભાટિયાથી છૂટાછેડાની પુષ્ટિ કરી છે. વિજયેન્દ્ર અને પ્રીતિના અલગ થવાના સમાચાર સૌપ્રથમ માર્ચ ૨૦૨૩ માં ઓનલાઈન સામે આવ્યા હતા. તે સમયે, પ્રીતિએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક રહસ્યમય સંદેશ શેર કર્યો હતો. તેની પુત્રી કિમાયા સાથેનો પોતાનો ફોટો શેર કરતા, પ્રીતિએ લખ્યું, "તમે મને જે જૂઠાણા કહ્યા હતા તેમાંથી, 'હું તને પ્રેમ કરું છું' મારી પ્રિય હતી. 'હું તને યાદ કરું છું' એ ખૂબ જ નજીકનો સમય હતો. હું તને ખૂબ જ યાદ કરું છું."

ઈન્ટરવ્યુમાં, અભિનેતા વિજયેન્દ્ર કુમેરિયાએ જણાવ્યું હતું કે તેમના અંગત જીવનમાં આવતા ફેરફારોને



સમજવા અને સ્વીકારવામાં તેમને સમય લાગ્યો હતો, તેથી તેમણે જાહેરમાં તેના વિશે બોલતા પહેલા પોતાને સમય આપ્યો. ખાનગી હોવાથી, શરૂઆતમાં તેમને પરિસ્થિતિનો સામનો કરવામાં મુશ્કેલી પડી. જોકે, જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ તેમને સમજાયું કે લોકોને પોતાના નિષ્કર્ષ કાઢવા દેવા કરતાં ખુલ્લેઆમ બોલવું અને પરિસ્થિતિ સ્પષ્ટ કરવી વધુ સારું છે. વિજયેન્દ્રએ સ્પષ્ટતા કરી કે તેમનો અને પ્રીતિનો અલગ થવાનો નિર્ણય રાતોરાત લેવામાં આવ્યો ન હતો. અભિનેતાના મતે, તેમના સંબંધો છેલ્લા કેટલાક સમયથી સંઘર્ષ કરી રહ્યા હતા, અને મતભેદો અને સુસંગતતાના મુદ્દાઓનું નિરાકરણ વધુને વધુ મુશ્કેલ બની રહ્યું હતું. આખરે, તેઓએ ૨૦૨૨ માં અલગ થવાનો નિર્ણય લીધો. તેમણે કહ્યું, "આવા નિર્ણયો રાતોરાત લેવામાં આવતા નથી. અમારી પાસે ઘણા મતભેદો અને સુસંગતતાના મુદ્દાઓ હતા જે સમય જતાં વધતા ગયા. એવું નથી કે અમે અમારા મુદ્દાઓને ઉકેલવાનો પ્રયાસ કર્યો ન હતો, પરંતુ આખરે, તે કામ ન આવ્યું, અને અમે ૨૦૨૨ માં અલગ થઈ ગયા." આ પરસ્પર નિર્ણય હતો, અને અમને ૨૦૨૫ માં હુકમનામું મળ્યું.

વિજયેન્દ્રએ સમજાવ્યું કે છૂટાછેડાનો નિર્ણય પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો હતો, પરંતુ તે મુશ્કેલ હતું કારણ કે તેમની ૧૦ વર્ષની પુત્રી કિમાયા છે. વિજયેન્દ્રએ કહ્યું કે તેણે અને પ્રીતિએ વર્ષો સુધી તેમની સમસ્યાઓ ઉકેલવા અને તેમના સંબંધોને બચાવવાનો પ્રયાસ કર્યો, ખાસ કરીને કિમાયા માટે, પરંતુ આખરે તેમને સમજાયું કે અલગ રહેવાથી તેમની પુત્રી માટે વધુ સારું વાતાવરણ મળશે. "ઉડાન" ફેમ અભિનેતાએ કહ્યું કે અન્ય માતાપિતાની જેમ, તે અને પ્રીતિ તેમની પુત્રી કિમાયા માટે શ્રેષ્ઠ ઈચ્છે છે.વિજયેન્દ્ર કુમેરિયાએ ડેઈલી સોપ ઓપેરા "છોટી બહુ" થી ટેલિવિઝનમાં પ્રવેશ કર્યો.

# આરોગ્ય મંત્રી અને સંતો-મહંતોએ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણીના ખબરઅંતર પૂછ્યા



રાજકોટઃ
ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણી ચેતનભાઈ રામાણીને હૃદયરોગનો હુમલા આવ્યા બાદ તેમની સ્વસ્થતા માટે પ્રાર્થનાઓ અને શુભેચ્છાનો પ્રવાહ શરૂ થયો છે।

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાંશેરીયાએ રાજકોટ સ્થિત ચેતનભાઈના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લઈ તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને ઝડપી તંદુરસ્તી માટે અભ્યર્થના વ્યક્ત કરી હતી। આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટિલાળા, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ અને પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા।

આ ઉપરાંત, ગઢપુર સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી હરજીવનદાસજી સ્વામી, વડતાલ બોર્ડના ચેરમેન ડૉ. સંતવલ્લભદાસજી સ્વામી સહિત વિવિધ સંપ્રદાયના સંતો-મહંતોએ પણ રૂબરૂ તથા ટેલિફોનિક માધ્યમથી આશીર્વાદ પાઠવ્યા હતા। રામાણી પરિવારે મુલાકાતે આવેલા તમામ સંતો, નેતાઓ અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે।

# વરાછા કો-ઓપ. બેંકને ત્રણ પ્રતિષ્ઠિત "સ્કોબા પ્રાઈડ એવોર્ડ"થી સન્માન

## વરાછા કો-ઓપ. બેંકને ટોટલ બિઝનેસ ગ્રોથ એન્ડ એક્સપાન્શન, પ્રોફિટેબિલિટી મેનેજમેન્ટ તથા પબ્લિક રિલેશન એન્ડ સોશિયલ એક્ટિવિટી કેટેગરીમાં શ્રેષ્ઠ બેંકનો ખિતાબ

સુરત
ગુજરાતની અગ્રગણ્ય મલ્ટી સ્ટેટ શિડ્યૂલ્ડ સહકારી બેંક ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરતને વર્ષ ૨૦૨૫-૨૬ની કામગીરી બદલ દક્ષિણ ગુજરાતની અર્બન કો-ઓપ. બેંકોની વેરી લાર્જ કેટેગરીમાં ત્રણ પ્રતિષ્ઠિત "સ્કોબા પ્રાઈડ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાત અર્બન કો-ઓપ. બેંક એસોસિએશન લિ. (સ્કોબા) દ્વારા તા. ૦૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હિમાચલ પ્રદેશના મનાલી ખાતે આયોજિત સ્કોબા પ્રાઈડ એવોર્ડ સમારોહમાં વરાછા કો-ઓપ. બેંકને "ટોટલ બિઝનેસ ગ્રોથ એન્ડ એક્સપાન્શન", "પ્રોફિટેબિલિટી મેનેજમેન્ટ" તથા "પબ્લિક રિલેશન એન્ડ સોશિયલ એક્ટિવિટી" એમ કુલ ત્રણ કેટેગરીમાં શ્રેષ્ઠ બેંક તરીકે સન્માનિત કરવામાં આવી



હતી.સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે બે વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ઇન્સ્પેક્ટર જનરલ (રૈ) શ્રી પ્રેમસિંઘજી, તેમજ શ્રી જે. વી. શાહ અને શ્રી જી. પી. મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. દક્ષિણ ગુજરાતની વિવિધ અર્બન કો-ઓપ. બેંકોની વર્ષ ૨૦૨૫-૨૬ની કામગીરીને આધારે વિવિધ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બેંકના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ કુકડીયાએ ત્રણેય એવોર્ડ બેંકના ડિરેક્ટર્સશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ તથા સમગ્ર સ્ટાફને સમર્પિત કરતાં જણાવ્યું હતું કે, "આ સન્માન કોઈ એક વ્યક્તિની સિદ્ધિ નથી, પરંતુ વરાછા બેંક પરિવારના દરેક સભ્યની મહેનત, નિષ્ઠા અને ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. બેંક હંમેશા ગ્રાહકોના હિતને કેન્દ્રમાં રાખીને વિશ્વસનીય, સરળ અને આધુનિક બેંકિંગ સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તહેવારોના આ સમયમાં ગ્રાહકોને સરળતાથી નાણાકીય સુવિધા મળી રહે તે માટે બેંક દ્વારા ૮.૦૦% વ્યાજદરની "ધન લક્ષ્મી બચત યોજના" તથા ૮.૨૫%થી શરૂ થતી "ફેસ્ટિવલ કાર લોન" જેવી આકર્ષક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. બેંકના વાઈસ ચેરમેનશ્રી રાજેન્દ્રભાઈ બાંભરોલીયાએ જણાવ્યું હતું કે, સભાસદો, ખાતેદારો અને ગ્રાહકોના સતત સાથ-સહકાર અને વિશ્વાસના પરિણામે વરાછા બેંકે રૂ . ૭,૪૦૦ કરોડથી વધુનો બિઝનેસ હાંસલ કર્યો છે, જે સમગ્ર વરાછા બેંક પરિવાર માટે ગૌરવ અને આનંદની બાબત છે.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ કુકડીયાએ બેંકના વાઈસ ચેરમેનશ્રી તેમજ તમામ ડિરેક્ટર્સશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, કર્મચારીઓ તેમજ બેંકના તમામ સભાસદો, ખાતેદારો અને ગ્રાહકોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા

# સોનમ ગરબાના સિઝન પાસ હોલ્ડર માટે અનોખી સરપ્રાઈઝ : વેલકમ નવરાત્રીમાં મળશે ફ્રી એન્ટ્રી

## નયનરમ્ય ગ્રાઉન્ડ અને અદભૂત સાઉન્ડ સિસ્ટમ આ પ્રીમિયમ રાસોત્સવની સૌની સૌથી મોટી વિશેષતા

રાજકોટ
રાજકોટમાં નવરાત્રીનો જેટલો ઉમંગ છે તેટલો જ ઉમંગ ખેલૈયાઓને વન-ડે વેલકમ નવરાત્રી રમવાનો પણ હોય છે અને ખેલૈયાઓને જોવા બંને રમવાની તક મળે તો તેમનો ઉત્સાહ બેવડાઈ જાય છે. નવનાત વણિક સમાજ સંગઠન અને જૈન વિઝને આ વખતે સોનમ ગરબાના ખેલૈયાઓને આ સોનેરી તક આપી છે અને સીઝન પાસ હોલ્ડરોને સોનમ ગરબા જ ગ્રાઉન્ડ માં યોજતા તારીખ ૧૦/૧૦/ ૨૦૨૬ ને શનિવાર રોજ પ્રખ્યાત રાસલીલા વેલકમ નવરાત્રીમાં ફ્રી એન્ટ્રી આપવાની જાહેરાત કરી છે. જે સોનમ ગરબાના સીઝન પાસ ઉપર ફ્રી એન્ટ્રી રહશે.સોનમ ગરબા પ્રીમિયમ રાસોત્સવની તડામાર તૈયારી ચાલી રહી છે અને સીઝન પાસ લેવા માટે નવનાત વાણિક સમાજના યુવા ભાઈ બહેનોએ ધસારો કર્યો છે. આ ખેલૈયાઓના ઉત્સાહમાં વધારો થાય તે માટે






આયોજકોએ એક સરપ્રાઈઝની જાહેરાત કરી છે અને સીઝન પાસ લેનારને રાસલીલા વેલકમ નવરાત્રીમાં ફ્રી એન્ટ્રી આપવાની જાહેરાત કરી છે.

આ રાસલીલા ગરબા નાઈટ સોનમ ગરબા ગ્રાઉન્ડમાં જ તારીખ દસમી ઓક્ટોબરને શનિવારે યોજાશે. આ વન-ડે રાસોત્સવમાં અને + સોનમગરબા ના ૧૦ દિવસ ધમાકેદાર ટિમ શ્રી મ્યુઝિકણા પ્રેમી જૈન અગ્રણી સુનિલ શાહ ના માંગદર્શનમા અરેન્જ થઈ છે જેમાં જીગ્નેશ સોની, રાજકોટ એકે લાઈવ મુંબઈ જયત્ત ગજ્જર રાજકોટ અશ્વિની મહેતા અને ગાર્ગી નિબાર્ક રાજકોટ કી બોર્ડ માં જયેન્દ્ર પટેલ રિધમ ટિમ માં સૌરભ ગઢબી જ્જ્ઞ ગઢવી શ્રિધમ સમગ્ર ટિમનું આયોજન જીલ એન્ટરટેનમેન્ટ ના તેજશ સિશાગીયા સંભાળી રહ્યા છે, આ છે સોનમ ગરબા ના પ્રખ્યાત સિંગરો જે ૧૦ દિવસ ધૂમ મચાવશે. સમગ્ર આયોજન સફળ બનવા વિપુલ મહેતા, યોગેશ શાહ, અમિત કોરડિયા, ગૌરાંગ શાહ, જતીન સઘાણી, ડો દેવન કોઠારી, ચેતન મહેતા, દિપક કરચલીયા, શલેશ મહેતા, દીપ રામાણી, આશિષ, દોશી, દીપેન મહેતા, સુધીર પટેલ, સહિતના આગેવાનો જેહમત ઉઠાવી રહ્યા છે,

# રાજકોટમાં શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ: નોર્થ ઝોનમાં રાસ-ગરબાની રમઝટ જામશે

## નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર મુંજકા નજીક આયોજનઃ વિશાળ ગ્રાઉન્ડ, અદ્યતન સાઉન્ડ સિસ્ટમ

રાજકોટ,
ખોડલધામ ટ્રસ્ટઉ-કાગવડ દ્વારા રાજકોટ શહેરમાં નોર્થ ઝોનમાં નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ્? ટ્રસ્ટ્-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સજકોટ શહેરના નોર્થ ઝોનમાં નવરાત્રિ મહોત્સવનું શ્રીખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

સાઉન્ડમાં સૌથી આધુનિક જેબીએલ એ૧૨ મોડેલનીસાઉન્ડ સિસ્ટમ, ૪૦ હજાર વારથી વધુનું વિશાળ મેદાન, લાઈટીંગ, સંપૂર્ણ સુરક્ષા, ૩ વિશાળ પાર્કિંગ અને પારિવારિક માહોલમાં આ નવરાત્રિ મહોત્સવ યોજાશે. ગાયક કલાકારો રાસ-ગરબાની રમઝટ બોલાવી ખેલૈયાઓને ગરબે રમાડશે.

રાજકોટ શહેરના મુંજકા નજીક નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓરબીટ રોયલ ગાર્ડનની બાજુમાં પેટ્રા બેન્વેન ટથી આગળ સનાતન ટાવરની સામેના રોડ પર વિશાળ ગ્રાઉન્ડમાં શ્રી ખોડલધામ નોર્થ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવમાં સિંગરો દેવ ભટ્ટ, અમી ગોસાઈ, હરી ગઢવી, દીશા શાહ તેમજ એક્રરીંગમાં અમિતાબેન પરસાણા અને ઓરકેસ્ટ્રા રાસ-ગરબાની રમઝટ બોલાવશે. દરરોજ ખેલૈયાઓને આકર્ષક ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. મહોત્સવની વધુ વિગત માટે મો. નં- ૯૭૨૨૨ ૦૨૨૨૨ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

નવરાત્રિ મહોત્સવને સફળ બનાવવા શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- નોર્થ ઝોનના પ્રમુખ મનસુખભાઈ વેકરીયા, ઉપપ્રમુખ મનીષભાઈ ફળદુ, તેમજ મુખ્ય સમિતિના ચેતનભાઈ સગપરીયા, નિલદીપભાઈ તળાવિયા, જયસુખભાઈ મારવિયા, શૈલેષભાઈ રંગાણી, સહિતની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# વેરાવળમાં મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગાંધી જયંતીની ઉજવણી

વેરાવળ,
વેરાવળ માં મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મહાત્મા ગાંધીજીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વેરાવળ ખાતે ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ. ડો. બંધીયા એ કાર્યક્રમની શરૂઆત મહાત્મા ગાંધીજીના જીવન અને વિચારોનું સ્મરણ કરવામાં આવ્યું હતું .આ પ્રસંગે વિદ્યાર્થીઓને ગાંધીજીના સત્ય, અહિંસા, સાદગી, સ્વચ્છતા અને સર્વોદય ના વિચારો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈને સત્ય અને અહિંસાના માર્ગે ચાલવા તથા સમાજમાં શાંતિ, અને માનવતાના મૂલ્યો જાળવવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# નવરાત્રીમાં માંસ-મટનનું વેંચાણ બંધ કરાવો : હિન્દુ સંગઠનો મનપા પહોંચ્યા

રાજકોટ,
રાજકોટમાં દર વર્ષે તહેવારો પર માંસ-મટનના વેંચાણ પર પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવામાં આવે છે પરંતુ તેની અમલવારી સરકારી ધોરણે થતી રહે છે. આ સંજોગોમાં વિહીપ સહિતના સંગઠનોએ નવરાત્રીમાં માંસાહારના વેંચાણ પર પ્રતિબંધ મુકવા માંગણી ઉઠાવી છે.

રવિવારથી નવલા નોરતાનો પ્રારંભ થઇ રહ્યો છે. આ સંજોગોમાં નવરાત્રીના દિવસોમાં રાજકોટમાં માંસાહારના ઉત્પાદન અને વેંચાણ પર પ્રતિબંધ મુકવા માંગણી ઉઠી છે. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહિનીના કાર્યકર્તા ભાઈ-બહેનો આજે સાંજે મ્યુનિ. કમિશ્નરને આવેદનપત્ર પાઠવવા જવાના છે. તહેવારમાં આ પ્રવૃતિ બંધ થાય તે માટે આગેવાનો રજુઆત કરશે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા મોરબીમાં પણ વિહીપ સહિતના આગેવાનોએ રેલી કાઢી કતલખાના બંધ કરાવવા રજુઆત કરી હતી. આ બાદ મનપા દ્વારા કતલખાના બંધ કરાવવા ડ્રાઈવ પણ ચલાવવામાં આવી હતી.

# મશીન ટુલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન–રાજકોટ દ્વારા વેલકમ નવરાત્રી રાસોત્સવનું ભવ્ય આયોજન

રાજકોટ
રાજકોટનો મશીન ટુલ્સ ઉદ્યોગ સમગ્ર ભારતભરમાં પ્રખ્યાત છે. અને રાજકોટમાં મશીનો બનાવતા ૨૨૦૦ થી વધુ ઉત્પાદકો દ્વારા ૮૦ થી વધુ જાતના મશીનો બનાવી રહેલ છે. મશીન ટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન રાજકોટ દ્વારા સભ્યએકમો માટે છેલ્લા ૩૬ વર્ષથી કાર્યરત છે અને રાજકોટ તથા સમગ્ર સૌરાષ્ટ્રનાં એકમો માટે વિવિધ પ્રકારના આયોજનો સભ્યએકમોની ઉન્નતી માટે કરવામાં આવે છે.

મશીન ટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન - રાજકોટ દ્વારા તારીખ ૦૯.૧૦.૨૦૨૬ શુક્રવાર ના રોજ એસોસીએશનના સભ્યપરિવાર માટે ચોથી વખત જાજરમાન 'વેલકમ નવરાત્રી રાસોત્સવ ૨૦૨૬' નું ભવ્ય




આયોજન કરવામાં આવેલ છે.

એસોસીએશનના સભ્યભાઈને સહપરિવાર પધારવા તથા ઉત્સાહભેર ભાગ લેવા મશીન ટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન – રાજકોટ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. આ રાસોત્સવમાં ખેલૈયાઓને આશ્વાસન ઈનામોની વણજાર પાથરવામાં આવશે.

આ રાસોત્સવનું સ્થળ : રામાધણી દાંડીયારાસ ગ્રાઉન્ડ, રાજકિંગ પાર્ટી પ્લોટની પાસે, ટીલાળા ચોક, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ, સમય ૮-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે.

આ આયોજન ને સફળ બનાવવા એસોસીએશનના પ્રમુખ યોગીન છનીયારા, ઉપ પ્રમુખ હરેશ પટેલ, સેક્રેટરી તેજસ દુદકીયા જો. સેક્રેટરી દેવલ ઘોરેચા, ખજાનચી કનકસિંહ ગોહીલ, ડાયરેકટર તરીકે સચીન નગેવાડીયા, બીજેશ સાપરીયા, કરણ પરમાર, અશ્વીન કવા, કેતન ગજેરા અને બીપીન સિધ્ધપુરા તથા કો.ઓપ્ટ ડાયરેકટર તરીકે ઘનશ્યામ પરમાર, હરેશ ડોડીયા રવિ મારૂ અને વિમલ કંટારીયા દ્વારા સભ્યપરિવારોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# કોટક સિક્યોરિટીઝે તેના રિટેલ બિઝનેસનું 'કોટક નિયો' તરીકે રિબ્રાન્ડિંગ કર્યુ

## આગામી સમયમાં ભારતીય રોકાણકારોની જરૂરિયાતોને પહોંચી વળવા ડિજિટલ અને સંબંધ આધારિત સેવાઓનું ઈન્ટિગ્રેશન

મુંબઈ,
કોટક સિક્યોરિટીઝ લિમિટેડે આજે જાહેરાત કરી હતી કે તેણે ગ્રાહકો સમક્ષની પોતાની ઓળખનું 'કોટક નિયો' તરીકે રિબ્રાન્ડિંગ કર્યું છે, જે એકીકૃત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ રોકાણનું સમગ્ર માળખું તૈયાર કરશે. કોટક નિયો એ નાણાંકીય બજારો સાથે ગ્રાહકોના જોડાણમાં આવેલા મૂળભૂત બદલાવને દર્શાવે છે. આજે ગ્રાહકો વધુ વિકલ્પો, સરળ અને સાહજિક ડિજિટલ અનુભવ તેમજ નિષ્ણાંતોની સલાહ એક જ સ્થળે મેળવવા માગે છે.

લોન્ચ અંગે કોટક નિયોના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રીપાલ શાહે જણાવ્યું હતું કે, "રોકાણકારોની જરૂરિયાતો સતત બદલાતી રહી છે. આજે તેઓ માત્ર શેર, મ્યુચ્યુઅલ ફંડ અથવા ડેરિવેટિવ્ઝ જેવી અલગ-અલગ પ્રોડક્ટ્સ પૂરતું સીમિત વિચારતા નથી. તેઓ સંપત્તિ કેવી રીતે ઊભી કરવી, પોતાના રોકાણના પોર્ટફોલિયોમાં વિવિધતા કેવી રીતે લાવવી અને અર્થતંત્રમાં ઉપલબ્ધ વિવિધ તકોમાં કેવી રીતે ભાગ લેવો તે અંગે સમગ્ર દ્રષ્ટિકોણથી વિચારે છે. પરંતુ આ તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે ઘણી વખત અલગ-અલગ પ્લેટફોર્મ, સર્વિસ પ્રોવાઈડર્સ અને સલાહકારો સાથે વ્યવહાર કરવો પડે છે. કોટક નિયો દ્વારા અમારો હેતુ આ સમગ્ર રોકાણ યાત્રાના વધુ મોટા હિસ્સાને એક જ માળખા હેઠળ લાવવાનો છે."કોટક નિયો બ્રાન્ડ કોટક સિક્યોરિટીઝ લિમિટેડના ગ્રાહકો સમક્ષના રિટેલ બિઝનેસનું પ્રતિનિધિત્વ કરે છે. કોટક સિક્યોરિટીઝ લિમિટેડ કાયદેસરની કંપની તરીકે યથાવત રહેશે. હાલના ગ્રાહકોના ખાતાં, પ્રોડક્ટ્સ, સર્વિસીસ અથવા ગવર્નન્સના માળખામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

# મોરબીમાં વિદ્યુત સ્મશાન ગૃહ ખાતે 'શ્રી રામધૂન'ના ૧ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિકોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

મોરબીઃ
લીલાપર રોડ પર આવેલા વિદ્યુત સ્મશાન ગૃહ ખાતે શ્રી શાંતિધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોક્ષે સિધાવેલ આત્માઓના કલ્યાણ અર્થે ચલાવવામાં આવતી 'શ્રી રામધૂન'ને સફળતાપૂર્વક સતત ૧ (એક) વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે 'શ્રી રામધૂન વાર્ષિકોત્સવ મહામહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશેષ પ્રસંગે તારીખ ૧૦/૧૦/શનિવારના રોજ શ્રી રામધૂન સત્સંગ હોલ ખાતે મોહધામા ધૂન મંડળ દ્વારા ૧૨ (બાર) કલાકની અખંડ રામધૂન યોજાશે. તે સાથે જ સવારે ૦૮:૩૦ કલાકે શિશુ મંદિરના ૧૨૫ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. ટ્રસ્ટના પ્રમુખ તથા ટ્રસ્ટીગણ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાશે.

ઉલ્લેખનીય છે કે, શ્રી શાંતિધામ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૨૨ વર્ષથી પર્યાવરણ જતન, અબોલ પશુ-પક્ષીઓની સેવા અને અંતિમયાત્રા માટે મોક્ષ રથ જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું છે. સત્સંગીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને તાજેતરમાં જ ૨૧૫૦ ચોરસ ફૂટના એસી રામધૂન સત્સંગ હોલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક મહોત્સવમાં સર્વે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. બપોરે જમવાની તથા કાર્યક્રમ પૂર્ણ થયે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી છે.

# રઘુવંશી બાળ પ્રતિભા સન્માન સમારોહ યોજાયો

રાજકોટઃ
રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી રાજકોટ દ્વારા ધો.૧ થી ૯મા ૮૦ ટકા મેળવનાર ૭૧૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામો ૨૫ મો સિલ્વર જ્યુબેલી સન્માન સમારોહ યોજાયો હતો.

જેમા ડે.મેયર દક્ષાબેન વસાણી, પ્રમુખ રાજુભાઈ પોબારૂ, ડો.નિશાંત ચોટાઈ, મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઈ પાઉ, ટ્રસ્ટી માનસીબેન શીગાળા, પ્રમુખ રમણભાઈ કોટક, કાશ્મીરાબેન નથવાણી, જીજ્ઞેશભાઈ માખેચા, મનીષભાઈ પાઉ, વિશાલભાઈ પુજારા ઉપસ્થિત રહ્યા હતા.




# શુક્રવારે ટપાલ સેવાના પ્રશ્નોનાં નિરાકરણ માટે ડાક અદાલત

રાજકોટ,
ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ અર્થે તા. ૯-૧૦ શુક્રવારના રોજ પ્રવર ડાક અધિક્ષક ડાકઘરની કચેરી હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, બીજે માળે, રાજકોટ ખાતે ૧૧ કલાકે ડાક અદાલત યોજવામાં આવશે.

આ અદાલતના નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતી અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. દરેક ફરિયાદોએ ફરિયાદમાં એકથી વધારે મુદાઓ કે વિષયો લેવા નહીં. આ ડાક અદાલતમાં નિરાકરણ માટેના પ્રશ્નો તા.૮-૧૦ સુધીમાં ડે.મેનેજર, ઈ/જ્ઞ. એસ.એસ.પી.ઓ. ગ્રાહક સેવા કેન્દ્ર બીજો માળ, હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, રાજકોટ-૩૬૦૦૦૧ને મોકલી આપવાના રહેશે.

# ટીકાકારોએ મને મારી અંદર જોવાનું શીખવ્યું, દરેક કટોકટી મારા ધૈર્યની કસોટી સમાન : પીએમ મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં તેમના ૨૫ વર્ષના કાર્યકાળ નિમિત્તે "સેવા જ્યોતિ" કાર્યક્રમને સંબોધિત કર્યો

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં તેમના ૨૫ વર્ષના કાર્યકાળ નિમિત્તે "સેવા જ્યોતિ" કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન, પીએમ મોદીએ કહ્યું, "જ્યારે મેં ૭ ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, ત્યારે મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે હું આ બિંદુ સુધી પહોંચીશ."



આ કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું, "આજે, જ્યારે હું પાછળ જોઉં છું, ત્યારે મને ફક્ત કૃતજ્ઞતા દેખાય છે. હું દરેક વ્યક્તિનો આભારી છું, દરેક ઘટના જેણે મને કંઈક શીખવ્યું. જેમણે મને જીત અપાવી તેમણે મને નમ્ર બનવાનું શીખવ્યું. જેમણે મને નીચે લાવ્યો તેમણે મને ફરીથી ઉભા થવાનું શીખવ્યું. શુભેચ્છકોએ મને પ્રોત્સાહન આપ્યું, અને ટીકાકારોએ મને અંદર જોવાનું શીખવ્યું. જેમણે મને ટેકો આપ્યો તેમણે મને વિશ્વાસની શક્તિ બતાવી. જેમણે મારો વિરોધ કર્યો તેમણે લોકશાહીની શક્તિ સમજાવી. દરેક કટોકટીએ મારી ધીરજની કસોટી કરી, દરેક સફળતાએ મારી જવાબદારી વધારી, અને દરેક સિદ્ધિએ મને મોટા લક્ષ્યો તરફ આગળ વધવા માટે હિંમત અને જુસ્સો આપ્યો."

પીએમ મોદીએ કહ્યું, "લાલ કિલ્લા પરથી, મેં 'દરેકના પ્રયાસ' વિશે વાત કરી. ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે જરૂરી જુસ્સો અને ઉત્સાહ ફક્ત એક જ સંદેશ આપે છેઃ 'આપણે તે કરીશું.' દેશનો વિકાસ ૨૦૪૭ માં થશે... આપણે તે કરીશું."

'સેવા જ્યોતિ' કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે લોકોએ હંમેશા મને તેમની સેવા કરવા માટે પસંદ કર્યો છે. આજે, હું ભારતના લોકશાહી અને બંધારણને સલામ કરું છું. હું તેમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આજે સવારે, મેં શ્રી વિનાયક મંદિરની મુલાકાત લીધી. મેં ૧.૪ અબજ લોકો અને મારા માટે પ્રાર્થના કરી. મેં પ્રાર્થના કરી કે ભગવાન મને મારા દેશ માટે વધુ ઉર્જા સાથે કામ કરવાની શક્તિ અને શક્તિ આપે. હું દિવસ-રાત તેમની સેવા કરી શકું છું. લાખો દેશવાસીઓ અને લાખો કાર્યકરોની મહેનત મારી સૌથી મોટી તાકાત છે. દેશના દરેક નાગરિકનો મારા પર સૌથી મોટો અધિકાર છે.મારા કાર્યકાળ દરમિયાન ઘણી ચૂંટણીઓ યોજાઈ. વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી, લોકોએ હંમેશા મને તેમની સેવા કરવા માટે પસંદ કર્યો. આજે, હું ભારતના લોકશાહી અને ભારતના બંધારણને સલામ કરું છું.

# ભૂટાનના વડા પ્રધાન શેરિંગ ટોબગેએ પીએમ મોદીને ૨૫ વર્ષની જાહેર સેવા બદલ અભિનંદન આપ્યા

## ભૂટાનના પીએમએ થોડા વર્ષો પહેલા પીએમ મોદી સાથેની તેમની મુલાકાતને યાદ કરી

નવીદિલ્હી,

ભૂટાનના વડા પ્રધાન શેરિંગ ટોબગેએ પીએમ મોદીને પત્ર લખીને તેમની પ્રશંસા કરી છે. તેમણે પીએમ મોદીને તેમની ૨૫ વર્ષની જાહેર સેવા બદલ અભિનંદન આપ્યા છે અને તેમને ભગવાન વિષ્ણુનો અવતાર કહ્યા છે. શેરિંગ ટોબગેએ પીએમ મોદીને પોતાના મોટા ભાઈ પણ કહ્યા હતા.પત્રમાં, ભૂટાનના પીએમએ થોડા વર્ષો પહેલા પીએમ મોદી સાથેની તેમની મુલાકાતને યાદ કરતા કહ્યું, "૨૭ જુલાઈ, ૨૦૧૯ ના રોજ, હું દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો હતો. મારી પાર્ટી દસ મહિના પહેલા ભૂટાનની ચૂંટણી હારી ગઈ હતી અને સંસદમાં તેમનું કોઈ પ્રતિનિધિત્વ નહોતું. હું ન તો વડા પ્રધાન હતો કે ન તો સંસદ સભ્ય. હું પીએમ મોદીને ફક્ત એક સામાન્ય નાગરિક તરીકે મળ્યો હતો."

મેં મારા કાર્યકાળ દરમિયાન તેમના સમર્થન બદલ તેમનો આભાર માન્યો. મેં તેમને કહ્યું કે તેઓ હંમેશા મારા મોટા ભાઈ રહેશે, ફક્ત એટલા માટે નહીં કે તેઓ મોટા હતા, પરંતુ એટલા માટે કે તેમણે મને એ જ પ્રેમ બતાવ્યો જેવો એક મોટો ભાઈ તેના નાના ભાઈ પ્રત્યે બતાવે છે. પછી મેં તેમને બીજું કંઈક કહ્યુંઃ મેં તેમને ભગવાન વિષ્ણુનો અવતાર માનતા હતા. મેં સમજાવ્યું કે આપણા પ્રદેશમાં લાંબા સમયથી જ્ઞાની અને ન્યાયી શાસકોને આ રીતે માનવામાં આવે છે.

મારા પોતાના શબ્દોથી મને આશ્ચર્ય થયું. પછી, મને આશ્ચર્ય થયું કે મેં એવું કેમ કહ્યું. શું હું લાગણીઓમાં ડૂબી ગયો હતો? "શું હું ખોટો હતો?" પછી, જ્યારે મેં મારી વાત પર વિચાર કર્યો, ત્યારે જવાબ સ્પષ્ટ થઈ ગયો. પીએમ મોદીને વિષ્ણુનો અવતાર માનવું યોગ્ય હતું.

# દિલ્હીમાં રાહુલ અને પ્રિયંકા ગાંધી વિરુદ્ધ એફઆઈઆર દાખલ

## આકાશવાણી ભવનમાં બળજબરીથી પ્રવેશ કરવાનો આરોપ

નવીદિલ્હી,

બુધવારે, દિલ્હી પોલીસે મંગળવારે ઈન્ડિયા એલાયન્સ માર્ચ દરમિયાન આકાશવાણી ભવનમાં બળજબરીથી પ્રવેશ કરવા બદલ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વિરુદ્ધ એફઆઈઆર નોંધી. રાહુલ અને પ્રિયંકા સહિત અનેક સાંસદો અને કાર્યકરો બળજબરીથી આકાશવાણી ભવનમાં પ્રવેશ્યા હતા. દિલ્હી પોલીસને આ મામલે ફરિયાદ મળી હતી.

પોલીસે બુધવારે જણાવ્યું હતું કે મંગળવારે ભારતના ચૂંટણી પંચ સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પરવાનગી વિના આકાશવાણી ભવનમાં પ્રવેશ કરવા બદલ દિલ્હી પોલીસે કોંગ્રેસના સાંસદો રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય ઈન્ડિયા બ્લોક સાંસદો વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે.

નોંધનીય છે કે મંગળવારે ૧૯ વિપક્ષી પક્ષોએ સંસદથી ચૂંટણી ગૃહ સુધી કૂચ કરી હતી, જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા અને ખાસ ચૂંટણી પંચ નાબૂદ કરવાની માંગ કરવામાં આવી હતી. જ્યારે પોલીસે સંસદ માર્ગ પર વિરોધ પ્રદર્શન અટકાવ્યું, ત્યારે રાહુલ ગાંધી, તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય સાંસદો સાથે, સંસદ માર્ગ પર આકાશવાણી ભવનમાં પ્રવેશ્યા અને ધરણા પ્રદર્શન કર્યું.

# આતંકવાદ એ આંતરરાષ્ટ્રીય શાંતિ માટેના સૌથી ગંભીર જોખમો પૈકીનું એક : સાંસદ બિપ્લબ દેબ

## આતંકવાદને સમર્થ આપવા બદલ ભારતના સાંસદે UNGAમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી

ન્યુ યોર્ક,

ભારતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સરહદ પાર આતંકવાદ સામે પોતાનું વલણ પુનરાવર્તિત કર્યું છે. ભાજપના સાંસદ બિપ્લબ દેબે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે પાકિસ્તાન પર આરોપ લગાવ્યો છે અને આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય કાનૂની માળખાને મજબૂત બનાવવા માટે દેશના આહ્વાનને પુનરાવર્તિત કર્યું છે.

'આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય કાનૂની માળખાને મજબૂત બનાવવાની જરૂર છે': યુએનજીએ ખાતે બિપ્લબ દેબે

બિપ્લબ દેબે કહ્યું, "... સરહદ પાર આતંકવાદ સહિત તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદ માનવતા માટે સૌથી ગંભીર ખતરાઓમાંનો એક છે. આ ખતરો આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા, આર્થિક પ્રગતિ, લોકશાહી સંસ્થાઓ અને માનવ અધિકારો માટે ગંભીર અસરો ધરાવે છે. તે દરેક માનવીના સૌથી મૂળભૂત અધિકાર - જીવનના અધિકાર પર હુમલો કરે છે. આતંકવાદ સંયુક્ત રાષ્ટ્રના મૂલ્યોની વિરુદ્ધ છે. ઈરાદાપૂર્વક નાગરિકોને નિશાન બનાવવાને ક્યારેય કોઈપણ રીતે વાજબી ઠેરવી શકાય નહીં. સારા અને ખરાબ આતંકવાદ વચ્ચે કોઈ ભેદ નથી. ભારત આતંકવાદી હુમલાઓને માનવતા વિરુદ્ધના ગુનાઓ માને છે. જેમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે, 'અમે માનીએ છીએ કે એક પણ હુમલો ખૂબ જ મોટો છે અને એક પણ જીવ ગુમાવવો પણ ખૂબ જ મોટો છે'."

સાંસદે આતંકવાદ વિરોધી ભારતની છ પ્રાથમિકતાઓ રજૂ કરી, જેમાં આતંકવાદી ભંડોળનો સામનો કરવો, ઉભરતી ટેકનોલોજીનો દુરુપયોગ અટકાવવો, પીડિતોને કેન્દ્રમાં રાખવું, રાષ્ટ્રીય માલિકીની ક્ષમતા નિર્માણને મજબૂત બનાવવું અને આતંકવાદી વિચારધારા અને માળખાગત સુવિધાઓનો સામનો કરવો શામેલ છે.

બિપ્લબ દેબે આતંકવાદ સામે મજબૂત બહુપક્ષીય કાર્યવાહી માટે દેશની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી અને સરહદ પાર આતંકવાદ સામે પોતાના લોકોનો બચાવ કરવાના તેના અધિકાર પર ભાર મૂક્યો અને વધુ અસરકારક આંતરરાષ્ટ્રીય પ્રતિભાવ માટે હાકલ કરી.

# રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર હેનરી બી. કાગન અને કેન્સો સોઆઈને એનાયત



સ્ટોકહોમ,

વૈજ્ઞાનિકો હેનરી કાગન અને કેન્સો સોઈને "અસમપ્રમાણ કાર્બનિક સંશ્લેષણમાં બિન-રેખીય અસરો અને ઓટોકેટાલિસિસની શોધ માટે" રસાયણશાસ્ત્રમાં ૨૦૨૬ નો નોબેલ પુરસ્કાર જીત્યો, એમ પુરસ્કાર આપતી સંસ્થાએ બુધવારે જણાવ્યું હતું.

રસાયણશાસ્ત્રનો નોબેલ, નોબેલ સપ્તાહ દરમિયાન આપવામાં આવતો ત્રીજો પુરસ્કાર, સોમવાર અને મંગળવારે જાહેર કરાયેલ દવા અને ભૌતિકશાસ્ત્રના નોબેલ પછીનો છે.

"તો આ વર્ષનો પુરસ્કાર મૂળભૂત રસાયણશાસ્ત્ર વિશે છે. ઘણા પરમાણુઓ બે અલગ અલગ સંસ્કરણોમાં જોવા મળે છે. મારા હાથની જેમ. તેઓ એકબીજાના અરીસાની છબી છે, તેઓ એકસરખા દેખાય છે, પરંતુ તેઓ એકસરખા નથી. હું મારા હાથ એકબીજા પર મૂકી શકતો નથી.

# કૈંચીધામ અને નૈનીતાલમાં હવે બુકિંગ વગર પ્રવેશ આપવામાં આવશે નહીં; નોંધણી પ્રક્રિયા પણ શરૂ થશે

## ડીએમ અને એસએસપીને બ્લુપ્રિન્ટ તૈયાર કરીને સરકારને મોકલવા સૂચના

નૈનીતાલ,

કૈંચીધામ અને નૈનીતાલમાં પ્રવેશ હવે સરળ રહેશે નહીં. બુકિંગ વગર નૈનીતાલની મુસાફરી કરનારાઓને કૈંચીધામ પહોંચવામાં મુશ્કેલી પડશે. આવા ખાનગી વાહનો હવે વહીવટીતંત્રના રડાર પર છે. તાજેતરની ભીડને પગલે, કુમાઉ કમિશનરે ટેક્સી અને હોટેલ માલિકો સહિત તમામ હિસ્સેદારો સાથે બેઠક યોજી હતી અને બેઠકમાં કૈંચીધામમાં નોંધણી ફરજિયાત બનાવવાને મંજૂરી આપવામાં આવી હતી. આ માટે, ડીએમ અને એસએસપીને બ્લુપ્રિન્ટ તૈયાર કરીને સરકારને મોકલવા સૂચના આપવામાં આવી છે.

કુમાઉ કમિશનરે સ્પષ્ટ સૂચના આપી છે કે હાઈવે બ્લોક કરવામાં આવશે નહીં. અલ્મોરા, બાગેશ્વર અને પિથોરાગઢ વચ્ચે મુક્ત અવરજવર હોવી જોઈએ. કૈંચી ધામ ખાતે ભીડ વ્યવસ્થાપન માટે અલગ રૂટ બનાવવામાં આવશે, અને શટલ સેવા સ્થાપિત કરવા માટે સીઓ અને એસડીએમએ સપ્તાહના અંત પહેલા એક બેઠક યોજવી પડશે. કૈંચી ધામ ખાતે શિપ્રા નદીમાં સ્નાન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને વન વિભાગને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

કૈંચી ધામ ખાતે વધુ ભાડું વસૂલનારા દુકાનદારો અને હોટેલ માલિકો સામે કાર્યવાહી કરવામાં આવશે. કૈંચી ધામ ખાતે વધુ ભાડું વસૂલનારા દુકાનદારો અને હોટેલ માલિકો સામે દરોડા અને કાર્યવાહી કરવામાં આવશે. દરેક માટે પોતાનો સામાન અને હોટેલ રેટ લિસ્ટ પ્રદર્શિત કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઉલ્લંઘન કરનારાઓને તાત્કાલિક લાઈસન્સ રદ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ફક્ત બુકિંગ ધરાવતા પ્રવાસીઓને જ નૈનીતાલથી કૈંચી ધામમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. બુકિંગ વિના નૈનીતાલની મુલાકાત લેવી મુશ્કેલ બનશે.

# તાતોપાની સરહદી નાકું ફરી ખોલવા માટે નેપાળની ચીન સાથે ચર્ચા

કાઠમાંડુ,

એક મંત્રીએ જણાવ્યું છે કે, તાજેતરના પૂર અને ભૂસ્ખલનને કારણે બંધ પડેલા તાતોપાની સરહદી માર્ગ પર પરિવહન સેવાઓ ફરી શરૂ કરવા માટે નેપાળ ચીન સાથે વાતચીત કરી રહ્યું છે.

મૂળભૂત માળખાગત સુવિધા વિકાસ મંત્રી સુનીલ લમસાલે મંગળવારે સંસદીય સમિતિને જણાવ્યું હતું કે, નેપાળને તિબેટ સાથે જોડતા તાતોપાની વેપાર માર્ગને ફરીથી ખોલવા માટે ચીની અધિકારીઓ સાથે ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું કે સરકાર ચીન સરહદ પર આવેલા તાતોપાની અને રસુવાગઢી એમ બંને પરિવહન માર્ગો પર કામગીરી ફરી શરૂ કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે.

તાતોપાની સરહદી માર્ગ કાઠમંડુથી લગભગ ૧૧૦ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં આવેલો છે અને તે નેપાળ તથા ચીન વચ્ચેનો એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ છે; જ્યારે રસુવાગઢી, જે અન્ય એક મુખ્ય વેપાર અને પરિવહન માર્ગ છે, તે કાઠમંડુની ઉત્તરે રસુવા જિલ્લામાં આવેલો છે.

૨૬ ઓગસ્ટના રોજ ઊંચાઈ પર આવેલા હિમનદ (ગ્લેશિયર)ના મોટા પાયે પતન અને ખડક-બરફના હિમસ્ખલનને કારણે રસુવાગઢી સરહદી માર્ગને ભારે નુકસાન થયું હતું. આ ઘટનાને પગલે લેન્ડે, ભોટેકોશી અને ત્રિશુળી નદીઓમાં કાટમાળ સાથેનું પૂર ખૂબ ઝડપથી આવ્યું હતું, જેમાં ઓછામાં ઓછા ૧,૪૫૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# ભારત દુનિયાને રસ્તો બતાવી રહ્યું છે, લોકો સમાજના ભલા માટે કામ કરે : મોહન ભાગવત

## ભારતની પરંપરાઓ સમાજ અને વિશ્વની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ

મુંબઇ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે બુધવારે કહ્યું હતું કે ભારતના લોકોએ તેમની પરંપરાઓનું પાલન કરવું જોઈએ. આ સાથે, વ્યક્તિએ સમાજ અને વિશ્વના ભલા માટે કામ કરવું જોઈએ. તેમણે ભાર મૂક્યો હતો કે દરેક વ્યક્તિએ સંતોષકારક જીવન સુનિશ્ચિત કરવામાં યોગદાન આપવું જોઈએ.



તેમણે કહ્યું કે ભારતની પરંપરાઓ સમાજ અને વિશ્વની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે આ નિવેદન નાગપુર જિલ્લાના દેવલાપુરમાં 'ગૌ-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર' ખાતે અનેક પહેલોનું ઉદ્ઘાટન કરતી વખતે આપ્યું હતું, જે સ્વર્ગસ્થ વિહિપ પ્રમુખ અશોક સિંઘલની જન્મ શતાબ્દી નિમિત્તે આયોજિત કરવામાં આવી હતી.

તેમણે કહ્યું, "આપણા જીવન, સમાજ, ધર્મ અને વિશ્વની સુધારણા માટે, દરેક પસાર થતા દિવસ સાથે જે માર્ગ વધુને વધુ જરૂરી બની રહ્યો છે તે એ છે કે ભારતના લોકો તેમની પરંપરાઓ અનુસાર જીવે અને સફળ થાય. દરેકનું જીવન સંતોષકારક હોવું જોઈએ, અને આપણે બધાએ કંઈક કરવું જોઈએ."

આરએસએસના વડાએ કહ્યું કે સમાજના કદની તુલનામાં "સારા કાર્યો" માં રોકાયેલા લોકોની સંખ્યા અપૂરતી છે અને સામાજિક કાર્યમાં વધુ જાહેર ભાગીદારી માટે હાકલ કરી. તેમણે કહ્યું કે સારા લોકોને યાદ રાખવાના બે રસ્તા છેઃ કાં તો સારા કાર્યો કરીને અથવા ફક્ત સારા કાર્યો કરનારાઓને યાદ કરીને. તેમણે કહ્યું કે ઘણા લોકો, શું કરવાની જરૂર છે તે જાણતા હોવા છતાં, માને છે કે આવા કાર્ય કોઈ બીજા દ્વારા કરવા જોઈએ.

ભાગવતે કહ્યું, "લોકો કહે છે કે તેમની પાસે નોકરી અને કૌટુંબિક જવાબદારીઓ છે.

# આરબીઆઈના રેપો રેટ વધારવાના નિર્ણયની અસર હવે સામાન્ય લોકો પર પણ પડી શકે

## ઘર, કાર અને પર્સનલ લોન લેનારાઓ માટે વ્યાજ દરો અને ઈએમઆઈ ગણતરીઓ બદલાવાની શક્યતા

મુંબઇ,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો દેશના લાખો લોન લેનારાઓના સમગ્ર બજેટને ખોરવી શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૩ પછી પહેલી વાર, કેન્દ્રીય બેંકે રેપો રેટ વધારીને ૫.૫૦ ટકા કર્યો છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં મોનેટરી પોલિસી કમિટી દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયની સીધી અસર સામાન્ય જનતા પર પડશે. નવા લોન લેનારાઓ અને હાલના લોન લેનારાઓ બંને માટે હોમ, કાર અને પર્સનલ લોનના દર વધુ મોંઘા થવાના છે.



ફ્લોટિંગ-રેટ હોમ, કાર અથવા પર્સનલ લોન ધરાવતા લોકો તેમના માસિક હપ્તા અને લોનની મુદત બંનેમાં વધારો જોઈ શકે છે. જો બેંકો ગ્રાહકોને સંપૂર્ણ ૦.૨૫% રેપો રેટ વધારો આપે છે, તો તમારા માસિક હપ્તામાં વધારો થશે. ઘણા કિસ્સાઓમાં, બેંકો હપ્તાની રકમ બદલ્યા વિના ફક્ત તમારી લોનની મુદત લંબાવે છે, એટલે કે તમારે વધુ મહિના માટે હપ્તા ચૂકવવા પડશે. જો કે, આ નિર્ણય ફિક્સ્ડ-રેટ લોન ધરાવતા ગ્રાહકોને અસર કરશે નહીં.

જ્યારે પણ આરબીઆઈ રેપો રેટમાં વધારો કરે છે, ત્યારે ઘણી બેંકો (ખાસ કરીને ખાનગી બેંકો) તેમના માસિક હપ્તાઓ વધારવાને બદલે ગ્રાહકોની લોનની મુદત (ચુકવણીની મુદત) શાંતિથી લંબાવે છે. ગ્રાહકો ઘણીવાર આ ત્યારે જ શોધે છે જ્યારે તેઓ તેમના લોન સ્ટેટમેન્ટ તપાસે છે. જો તમારી બેંકે પૂર્વ સૂચના વિના તમારી લોનની મુદત લંબાવી હોય, તો ગભરાવાની જરૂર નથી. બેંકિંગ નિયમો હેઠળ તમને ઘણા અધિકારો છે.

તમારી બેંક પાસેથી તાત્કાલિક રીસેટ શેડ્યૂલ અને લોન સ્ટેટમેન્ટની વિનંતી કરોઃ સૌપ્રથમ, નવીનતમ એમોર્ટાઈઝેશન શેડ્યૂલ મેળવવા માટે તમારી બેંકના ગ્રાહક પોર્ટલ, મોબાઈલ એપ્લિકેશન અથવા નજીકની શાખાની મુલાકાત લો. રેપો રેટમાં વધારા પછી તમારા કુલ વ્યાજ દર તપાસો. વ્યાજ દરમાં ૦.૨૫% વધારાના બદલામાં બેંકે તમારી લોનની મુદત કેટલા મહિના લંબાવી છે તે તપાસો.ઈએમઆઈ લંબાવવાનો વિકલ્પ પસંદ કરોઃ લાંબા સમયગાળાનો અર્થ એ છે કે બેંકને વધારાના વ્યાજમાં ઘણા લાખ રૂપિયા ચૂકવવા પડે છે. આવી સ્થિતિમાં, લોનની મુદત વધારવાને બદલે તમારી ઈએમઆઈ રકમ વધારવી એ સમજદારીભર્યું છે.

# એર માર્શલ આશુતોષ દીક્ષિતને ભારતીય વાયુસેનાના નવા વડા તરીકે નિયુક્ત કરાયા

નવી દિલ્હી,

એર માર્શલ આશુતોષ દીક્ષિતની ભારતીય વાયુસેનાના નવા વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ લગભગ ચાર દાયકાનો સેવા અનુભવ અને વિવિધ પ્રકારના ફાઈટર, ટ્રાન્સપોર્ટ અને ટ્રેનર વિમાનો ઉડાડવાની વ્યાપક નિપુણતા ધરાવે છે. તેમની આ નિમણૂક ભારતીય વાયુસેનાની ૯૪મી વર્ષગાંઠના એક દિવસ પહેલા થઈ છે, જે સત્તાવાર રીતે ૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ઉજવવામાં આવશે. એર માર્શલ દીક્ષિત વર્તમાન એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહનું સ્થાન લેશે. એર માર્શલ દીક્ષિતે સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ, મિરાજ-૨૦૦૦, વિવિધ મિગ (MiG) વેરિઅન્ટ્સ, જગુઆર, હોક, HPT-32, AN-32, એવરો, કિરણ અને IL-78 સહિતના અનેક મહત્વપૂર્ણ વિમાનો ઉડાડ્યા છે. તેમની વિશિષ્ટ કારકિર્દી દરમિયાન તેમણે ૩,૫૦૦ કલાકથી વધુ ઉડાનનો અનુભવ પણ મેળવ્યો છે.

એક સત્તાવાર જાહેરનામામાં જણાવાયું છે કે, "મને રાષ્ટ્રપતિની મંજૂરી જણાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે કે એર માર્શલ આશુતોષ દીક્ષિત (PVSM, AVSM, VM, VSM) ની નિમણૂક 'એર ચીફ માર્શલ'ના હોદ્દા પર 'ચીફ ઓફ ધ એર સ્ટાફ' તરીકે કરવામાં આવે. આ નિમણૂક ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ની બપોરથી અમલમાં આવશે અને તેમનો કાર્યકાળ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ સુધી રહેશે." ફાઈટર અને ટ્રાન્સપોર્ટ વિમાનોનો વ્યાપક અનુભવ

એર માર્શલ દીક્ષિત એક 'એક્સપેરિમેન્ટલ ટેસ્ટ પાઈલટ' તેમજ 'ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર' છે. વિવિધ વિમાનોના સંચાલનનો તેમનો અનુભવ તેમને ભારતીય વાયુસેનામાં વ્યાપક ઓપરેશનલ અને તકનીકી જાણકારી પૂરી પાડે છે. તેમને ૬ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ ભારતીય વાયુસેનાની ફાઈટર શાખામાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમની કારકિર્દી દરમિયાન, તેઓ અનેક મહત્વપૂર્ણ સૈન્ય અભિયાનો અને કવાયતો સાથે સંકળાયેલા રહ્યા છે. તેમના ઓપરેશનલ અનુભવમાં ઓપરેશન સફેદ સાગર, ઓપરેશન રક્ષક, કોપ ઈન્ડિયા અને ઓપરેશન સિંદૂરનો સમાવેશ થાય છે.

તેજસ અને સ્વદેશી ઉડ્ડયન ક્ષેત્ર સાથે મજબૂત જોડાણ એર માર્શલ દીક્ષિત ભારતીય વાયુસેનામાં સ્વદેશી LCA તેજસ અને અન્ય ભારતીય ઉડ્ડયન કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો માટે પણ જાણીતા છે. ભારત જ્યારે સંરક્ષણ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત' પહેલને વેગ આપી રહ્યું છે, ત્યારે દેશની સ્વદેશી ઉડ્ડયન ઈકોસિસ્ટમ સાથેનો તેમનો અનુભવ મહત્વપૂર્ણ બની રહે છે. ભારતીય વાયુસેના (IAF) ના નવા વડા તરીકે, તેમના કાર્યકાળ દરમિયાન સ્વદેશી ક્ષમતાઓ અને ભારતીય ઉડ્ડયન પ્રોજેક્ટ્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેવી અપેક્ષા છે.

# અલ્પેશ દોંગાની ઓફિસમાંથી વધુ ૧૦૦ દસ્તાવેજો મળી આવ્યા

## ખેડૂતોને લોન આપી, ધાકધમકીથી જમીનો હડપનાર મહાકૌભાંડકાર અલ્પેશ દોંગાની તપાસમાં SIT ચોંકી ઉઠી

રાજકોટ:

ખેડૂતોને લોન આપી છેતરપિંડીથી કે ધાકધમકી આપી તેમની જમીનો હડપ કરી લેનાર મહાકૌભાંડકાર અલ્પેશ દોંગાને ત્યાંથી વધૂ ૧૦૦ દસ્તાવેજો મળી આવતાં તપાસ કરતી સીટ પણ ચોંકી ઉઠી છે. તે સાથે જ તેણે ખરેખર કેટલા ખેડૂતોને શિકાર બનાવ્યા હતા તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે.



અલ્પેશ દોંગાએ આચરેલા તોસ્તાન કૌભાંડની તપાસ માટે રાજકોટ રૂરલ પોલીસ દ્વારા સીટની રચના કરવામાં આવી છે. સીટ દ્વારા અગાઉ તેની ઓફિસમાંથી ૧૫૦થી વધૂ દસ્તાવેજો કબજે કરાયા હતા. ત્યારબાદ તેની પૂછપરછ બાદ વધૂ ૧૦૦ દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે પૂછપરછમાં અલ્પેશે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી એક ઓફિસનું પણ સરનામું આપ્યું હતું. જે ઓફિસ વિશે અગાઉ કોઈ માહિતી આપી ન હતી. આ ઓફિસમાં સર્ચ કરાતા ૧૦૦થી વધુ દસ્તાવેજો મળી આવ્યા છે. આ દસ્તાવેજોમાંથી કેટલામાં છેતરપિંડી થઈ છે તે અંગે હવે સીટની ટીમ તપાસ કરી રહી છે.

આ રીતે અલ્પેશને ત્યાંથી અત્યાર સુધી ૨૫૦થી વધૂ દસ્તાવેજો કબજે થઈ ચૂકયા છે. જેને ધ્યાને લેતાં ખરેખર કૌંભાડનો વ્યાપ કેટલો હશે તેનો પોલીસ પણ કોઈ અંદાજ કાઢી શકતી નથી.

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચે અલ્પેશ આણી ટોળકી વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. જેમાં બે આરોપીઓની ધરપકડ કરાયા બાદ ક્રાઈમ બ્રાંચે હવે અલ્પેશનો કબજો મેળવવા તજવીજ શરૂ કરી છે. તેની ધરપકડ બાદ બીજા અનેક નવા અને ચોંકાવનારા ખુલાસા થવાની શકયતા છે.

અત્યાર સુધીમાં અલ્પેશ વિરૂધ્ધ ઘણાં ગુના દાખલ થઈ ચૂકયા છે. આગામી દિવસોમાં વધૂ ગુના દાખલ થવાની પૂરેપૂરી સંભાવના છે.

# જંગલેશ્વરમાં થયેલી હત્યામાં વધુ ચાર આરોપી ઝડપાયા, એક આરોપીની શોધ




રાજકોટ : પીરવાડી પાસે જૂના ગણેશનગરમાં રહેતાં રિક્ષાચાલક ઈકબાલ ઉર્ફે જૂનાગઢી લોધી (ઉ.વ.૫૬)ની સામે જોવા જેવી નજીવી બાબતે જંગલેશ્વરના ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે પાઈપના ઘા ઝીંકી કરાયેલી હત્યામાં ક્રાઈમ બ્રાંચે બે અને ભક્તિનગર પોલીસે પણ બે આરોપીને ઝડપી લીધા હતા. હજૂ એક આરોપી નાસતો ફરતો હોવાથી તેની શોધખોળ જારી રખાઈ છે.

ક્રાઈમ બ્રાંચે આરોપી શાહનવાઝ મુસ્તાક વેતરણ (ઉ.વ.૨૨, રહે. નિલમ પાર્ક, દેવપરા) અને અબઝલ દિલાવર મકરાણી (ઉ.વ.૨૨, રહે. જંગલેશ્વર શેરી નં.૨૧)ને ગોવાથી ઝડપી લીધા હતા. આરોપી શાહનવાઝ વિરૂધ્ધ રાયોટિંગ, હુમલા સહિતના પાંચ ગુના નોંધાયા છે. ક્રાઈમ બ્રાંચે ૨૦૨૫ની સાલમાં ગુજસીટોક હેઠળ તેની અટકાયત કરી હતી. જેમાં ગઈ તા.૨૯ના રોજ તે પાલનપુર જેલમાંથી જામીનમુક્ત થયો હતો.

જેના ચાર દિવસ બાદ હવે તેની હત્યામાં સંડોવણી ખુલી છે. ભક્તિનગર પોલીસે આરોપી અબુસુફિયાન હનિફ મુકાસમા (ઉ.વ.૨૪, રહે. રામનાથપરા) અને મહંમદદાનીશ મહંમદસીદીકી સિપાઈ (ઉ.વ.૨૧, રહે. જંગલેશ્વર, હાલ ૮૦ ફૂટના રોડ)ની અટકાયત કરી હતી. આ અગાઉ ભક્તિનગર પોલીસે રોશનબેન ઉર્ફે ગુડ્ડી ધાડા નામની મહિલાની અટકાયત કરી હતી.

કુલ ૬ આરોપીઓની સંડોવણી ખુલી હતી. જેમાંથી પાંચ પકડાઈ ચૂક્યા છે. સામાન્ય રીતે ગુજસીટોકમાં પકડાયેલા આરોપીઓ જામીન પર છૂટી ગુનો કરે તો જામીન રદ થઈ જતાં હોય છે. જેને કારણે ગુનો કરતાં પહેલાં સો વખત વિચારે છે. પરંતુ આ કેસમાં આરોપી શાહનવાઝની ગુજસીટોકમાં જામીન પર છૂટયાના ચાર દિવસ બાદ ખુન જેવા ગંભીર ગુનામાં સંડોવણી ખુલતા ચર્ચા જાગી છે.

# યુવકનું કામ તમામ કરવા જતાં ચાર શખ્સો ઘાતક હથિયારો સાથે ઝડપાયા

## માથાભારે તત્ત્વો, લુખ્ખાઓ, ગુનેગારો, ગુજસીટોકમાં જામીન પર છૂટેલા આરોપીઓ બેફામ બન્યા

રાજકોટ: ભગવતીપરામાં રહેતા ગૌરાંગ ઉર્ફે ગવલો બાવાજી અને સિકંદર રાઉમા વચ્ચે છેલ્લા પાંચેક વર્ષથી માથાકૂટ ચાલતી હતી. જેને કારણે સિકંદર અને તેના ત્રણ મળતિયાઓએ ગઈકાલે રાત્રે ઘાતક હથિયારો સાથે ગૌરાંગનું કામ તમામ કરવાની તૈયારી શરૂ કરી હતી ત્યારે બાતમી મળી જતાં બી ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે રાત્રે ગૌરાંગ ઉપર શરૂઆતમાં ફરસી જેવા હથિયાર વડે હુમલો કરાયો હતો. જેમાં તેને મામૂલી ઈજા થઇ હતી. તે સાથે જ બી ડીવીઝનના જમાદાર ક્રિપાલસિંહ જાડેજા વગેરેને બાતમી મળી જતાં ભગવતીપરામાં પહોંચ્યા હતા. જયાંથી સિકંદર હારૂન રાઉમા, પ્રહલાદસિંહ બહાદુરસિંહ જાડેજા, નવાઝ સલીમભાઈ મુલતાની અને સમીર ફીરોઝ શાહમદાર (રહે. ચારેય ભગવતીપરા)ને ઝડપી લીધા હતા.

ચારેય આરોપીઓ પાસેથી બે તલવાર, ફરસી જેવું હથિયાર અને એક તીક્ષ્ણ મળી એમ કુલ ચાર હથિયારો કબજે કરી જીપી એક્ટની કલમ મુજબ ગુનો નોંધી ધરપકડ કરાઇ હતી. બંને પક્ષો વચ્ચે છેલ્લા ઘણા સમયથી તકરાર ચાલતી હતી. એકાદ વર્ષ પહેલા ગૌરાંગે સિકંદરના ભાઈના રિક્ષામાં હાથ-પગ ભાંગી નાખ્યા હતા. તે વખતે સિકંદર ભાગી ગયો હતો.ત્યારબાદ બંને પક્ષો વચ્ચે માથાકૂટ ચાલતી જ હતી. જેને કારણે ગઈકાલે હુમલો કરવાની યોજના બનાવાઇ હતી. જે પોલીસની કહેવાતી સર્તકતાથી નિષ્ફળ ગઇ હતી. ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા ઘણા સમયથી માથાભારે તત્ત્વો, લુખ્ખાઓ, ગુનેગારો, ગુજસીટોકમાં જામીન પર છૂટેલા આરોપીઓ બેફામ બન્યા છે. આમ છતા ગમે તે કારણસર પોલીસ કોઇ ગંભીરતા દાખવતી નહી હોવાની છાપ ઉપસી રહી છે.

## ગોંડલના સડક-પીપળીયામાં ફાયરિંગનો કેસ

# પોલીસે ૪ આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈ રીકન્સ્ટ્રક્શન કરાવ્યું, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પણ હસ્તગત

રાજકોટ :ગોંડલ તાલુકાના સડક-પીપળીયા ગામની સીમમાં બકરા ચરાવવા બાબતે થયેલા સામાન્ય વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યા બાદ હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરવાના ચકચારી કેસમાં પોલીસે તપાસ તેજ કરી છે. પોલીસે ઝડપી પાડેલા આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું સીન રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. પોલીસ દ્વારા ઘટનાક્રમની કડીઓ જોડીને વધુ પુરાવા એકત્ર કરવાની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે.પ્રાથમિક તપાસ મુજબ, ૩ ઓક્ટોબરની રાત્રે સાડા દસથી પોણા અગિયાર વાગ્યાના અરસામાં સડક-પીપળીયા ગામની સીમમાં આ ઘટના બની હતી. બકરાઓ દ્વારા ખેતરના પાકને નુકસાન પહોંચાડવામાં આવતું



હોવાના મુદ્દે બે જૂથો વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ મામલો ઉગ્ર બનતા બંને પક્ષો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી.

વિવાદ દરમિયાન લાકડીઓ અને લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો છે. દરમિયાન મામલો થાળે પાડવા અથવા ધાક બેસાડવાના ઈરાદે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ફાયરિંગની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

ગોંડલ તાલુકા પોલીસે ઝડપી કાર્યવાહી કરીને ચાર મુખ્ય આરોપીઓને ઝડપી લીધા છે. આરોપીઓમાં કરણ સુનિયા બામણીયા (રહે. વરજર ગામ, તા. ભાભરા, જિ. અલીરાજપુર), અરમાન મયુદ્દીન હોથી (રહે. સર્વોદય સોસાયટી, શાપર-વેરાવળ), સમીર કાસમ વિસળ (રહે. હડમતીયા, ભેસાણ, જૂનાગઢ) અને સુરેશ ઉર્ફે સજુભા રવજીભાઈ ઝાલા (રહે. ગુંજાલા, તા. દેત્રોજ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગુંજાલા-બહુચરાજીનો કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર પણ પોલીસ દ્વારા હસ્તગત કરવામાં આવ્યો છે.

પોલીસે આરોપીઓને સડક-પીપળીયાની સીમમાં ઘટનાસ્થળે લઈ જઈ કડક સુરક્ષા વચ્ચે સીન રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આરોપીઓએ કથિત રીતે ઘટનાને કેવી રીતે અંજામ આપ્યો હતો અને ઘટનાક્રમ કઈ રીતે આગળ વધ્યો હતો તેની વિગતો મેળવવા પોલીસે સ્થળ પર સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન પોલીસ દ્વારા કેસની કડીઓ જોડવા અને તપાસને વધુ મજબૂત બનાવવા માટે જરૂરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

# દીકરાની આત્મહત્યા બાદ રોકકળ કરનાર પરિવારના સભ્યો જ હત્યારા નીકળ્યા!

## ચુડાના કોરડા ગામે માતા સહિત પરિવારના ૬ સભ્યોએ યુવકનું ગળું દબાવી હત્યા કરી લટકાવી દીધો

સુરેન્દ્રનગર:દીકરાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો અને પરિવારજનોએ પોલીસને જાણ કર્યા વગર તેના અંતિમસંસ્કાર કરી નાખ્યા. ક્રિયાકર્મની વિધિઓ મુજબ બેસણું યોજાયું અને પરિવારજનોએ દીકરો ખોયા બદલ સગાસંબંધીઓ સામે રોકકળ પણ કર્યું. પણ દીકરાના મોત બાદ તેના નામના રોદણા રોનારા પરિવારના આ સભ્યો જ તેના હત્યારા નીકળ્યા ત્યારે આ બધુ નાટક જોઈને સંબંધીઓ સાથે પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ. આ વાત છે સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના કોરડા ગામની, જ્યાં યુવકની આત્મહત્યાનો બનાવ મર્ડરમાં પરિણમ્યો છે. દીકરાની હત્યા કરવામાં પરિવારના ૬ સભ્યોમાં તેની માતા પણ સામેલ હતી.

ચુડાના કોરડા ગામે ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળવાના શંકાસ્પદ બનાવનો પોલીસે ભેદ ઉકેલી મર્ડરનો ગુનો નોંધ્યો છે. પોલીસ તપાસમાં મૃતક મહેશભાઈ ઉર્ફે ડફલી લાખાભાઈ રોજાસરાની પરિવારના જ માતા, બે ભાઈ, બે ભાભી અને એક ભત્રીજો આ છ સભ્યોએ ગળું દબાવી હત્યા કર્યા બાદ તેને આત્મહત્યા હોવાનું દર્શાવવા માટે ગળેફાંસો આપ્યો હોવાનો ખુલાસો થયો છે. આ



મામલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ચુડા પોલીસે મૃતકની માતા સહિત તમામ છ આરોપીઓને ઝડપી પાડ્યા છે.પોલીસના જણાવ્યા મુજબ, મૃતક મહેશભાઈને દારૂ પીવાની ટેવ હતી અને દારૂના નશામાં તે પરિવારના સભ્યોને ગાળો આપતો હતો. તેમજ રાજકોટ ખાતે રહેતી અન્ય જ્ઞાતિની એક મહિલા સાથે તેના પ્રેમસંબંધ હોવાની માહિતી પરિવારને હતી. મહેશભાઈ પોતાની હિસ્સાની ખેતીની જમીન પ્રેમિકાના નામે કરી નાખશે તેવી પરિવારના સભ્યોને શંકા હતી.

આ શંકા અને અન્ય કારણોને પગલે આરોપીઓએ ભેગા મળી મહેશભાઈને પકડી ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ તેને ઘરના રૂમમાં લઈ જઈ ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યો. હત્યાની જાણ બહાર ન થાય તે માટે પરિવારના સભ્યોએ બનાવને આત્મહત્યાનું સ્વરૂપ આપવાનું નક્કી કર્યું હતું.હત્યાની હકીકત બહાર આવે અને પોલીસ ફરિયાદ થાય તેવા ભયથી આરોપીઓએ મૃતદેહને રૂમની છતમાં લગાવેલા નકુચા સાથે દોરડાથી બાંધી ગળેફાંસો ખાધો હોય એવી ઘટના ઊભી કરી હતી. ત્યારબાદ આસપાસના લોકોને મહેશભાઈએ જાતે જ આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું. મૃતદેહને તે જ દિવસે નીચે ઉતારી અંતિમવિધિ કરી દેવામાં આવી હતી અને પોલીસને જાણ કરવામાં આવી નહોતી.શંકાસ્પદ બનાવ અંગે તપાસ દરમિયાન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે પરિવારના શકમંદ સભ્યોને ઝડપી પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓ ભાંગી પડ્યા હતા અને ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે મૃતકની માતા અને ભાઈ સહિત પરિવારના છ સભ્યોને ઝડપી વધુ કાર્યવાહી માટે ચુડા પોલીસને સોંપ્યા છે.

# સુરેન્દ્રનગરમાં શુદ્ધિકરણના નામે મહિલા સાથે દુષ્કર્મ!



**મહિલા જેની સાથે ભાગી, તેની પાસે જ ઝાડ સાથે બાંધી દુષ્કર્મ કરાવ્યું હતું**

સુરેન્દ્રનગર:સુરેન્દ્રનગરમાં શુદ્ધિકરણના નામે એક મહિલા સાથે દુષ્કર્મ આચરી અમાનુષી અત્યાચાર ગુજારવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ કૌટુંબિક અને ગંભીર ગુનાની તપાસ કરી પોલીસે ઘટનામાં સંકળાયેલા તમામ ૯ આરોપીઓની અટકાયત કરી લીધી છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ એએસપી વેદિકા બિહાનીના નેતૃત્વમાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને પીડિતાને શોધી કાઢી હતી. પોલીસે પકડાયેલા આરોપીઓને સ્થળ પર લઈ જઈને ઘટનાનું રીકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું.

મહિલા અન્ય એક પુરુષ સાથે ભાગી ગઈ હતી, જેથી પરંપરાગત શુદ્ધિકરણના બહાને પરિવારના સભ્યો તેને અને તે પુરુષને શોધીને પરત લાવ્યા હતા. ત્યારબાદ પતિ અને સંબંધીઓએ મહિલાને ઝાડ સાથે બાંધી દીધી હતી અને જે પુરુષ સાથે તે ભાગી હતી તેની પાસે જ બળજબરીથી દુષ્કર્મ કરાવ્યું હતું. આ અમાનુષી આચરણમાં બે મહિલાઓ પણ સામેલ હોવાનું બહાર આવ્યું છે.

અત્યાચાર ગુજારનારા આરોપીઓએ આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો. વીડિયો વાયરલ થતાં જ સુરેન્દ્રનગર પોલીસ સક્રિય થઈ ગઈ હતી અને પીડિતાની ઓળખ કરીને તેને સલામત સ્થળે ખસેડી હતી. પોલીસે આરોપીઓ વિરૂદ્ધ અપહરણ, દુષ્કર્મ અને શારીરિક ઈજા પહોંચાડવા સહિતની વિવિધ ગંભીર કલમો હેઠળ કેસ નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી હતી.

પોલીસે પકડેલા તમામ ૯ આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈને સમગ્ર બનાવનું રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. તપાસ દરમિયાન આરોપીઓએ જે ઝાડ સાથે મહિલાને બાંધીને અત્યાચાર ગુજાર્યો હતો તે જગ્યા પોલીસને બતાવી હતી. આ સાથે જ આરોપીઓએ સાથે આવેલા યુવાનના વાળ કાપીને તેને યુરીન પીવડાવ્યું હોવાની ચોંકાવનારી વિગતો પણ પોલીસ સમક્ષ કબૂલી હતી.

# મોરબીમાં કેબિનમાંથી ગાંજાનું વેચાણ કરતા બે શખ્સો ઝડપાયા

મોરબી:

મોરબી માળિયા નેશનલ હાઈવે પર રવિરાજ ચોકડી પાસે એક કેબિનમાંથી ગાંજાનું વેચાણ કરતા બે શખ્સોને SOGની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ૯૫૮ ગ્રામ ગાંજો, રોકડા રૂપિયા અને બે મોબાઈલ ફોન સહિત કુલ ૯૧,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

SOG ટીમને બાતમી મળી કે, રણછોડનગરનો પ્રિન્સ કોળી તેના માણસ વિપુલ કોળી સાથે મળીને રવિરાજ ચોકડી નજીક



'મેલડી મહેર' લખેલી કેબિનમાંથી ગાંજાનું વેચાણ કરી રહ્યો છે. આ માહિતીના આધારે જીંપ ટીમે ત્યાં રેડ કરી હતી.

રેડમાં કેબિનમાંથી ૪૭,૯૦૦ રૂપિયાનો ૯૫૮ ગ્રામ ગાંજો, વેચાણથી મળેલા ૨૩,૫૦૦ રૂપિયા રોકડા અને ૨૦,૦૦૦ રૂપિયાના બે મોબાઈલ ફોન પોલીસે જપ્ત કર્યા છે. તેમજ પ્રિન્સ પ્રવીણ ધંધુકિયા (રણછોડનગર, મોરબી) અને વિપુલ રમેશ કુંજરીયા (વાવડી રોડ, મોરબી)ની ધરપકડ કરી છે. બંને સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

# મોરબીમાં આંગડિયા પેઢીમાં રૂ.૧૦ હજારના પગારદાર મેનેજરની ૧.૦૮ કરોડની ઉચાપત

## છેલ્લા ૧૫ વર્ષથી નોકરી કરતા મેનેજરે કરેલી ઉચાપતથી ટોક ઓફ ટાઉન

મોરબી:મોરબીના જૂના બસ સ્ટેશન રોડ પરના ધરતી ટાવર ખાતે આવેલી 'પટેલ બાબુલાલ કાંતિલાલ એન્ડ કું.'માં ૧૦ હજારના માસિક પગારથી છેલ્લા ૧૫ વર્ષથી નોકરી કરતા આંગડિયા પેઢીના મેનેજર સામે રૂ. ૧ કરોડ ૮ લાખની ઉચાપત કરી હોવાની એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, આરોપી મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેમને પેઢીના વહીવટ તેમજ નાણાકીય આવક-જાવકનો હિસાબ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ અંગે અમદાવાદના બોપલ ખાતે રહેતા આંગડીયા પેઢીના ભાગીદાર પ્રદીપભાઈ અરવિંદભાઈ પટેલે મોરબી સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં મહેસાણા ખાતે રહેતા રોહીતભાઈ સુરેશભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, રોહીતભાઈ પટેલ મોરબી શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પેઢીની આવક-જાવક તથા નાણાકીય વ્યવહારોનો હિસાબ રાખતા હતા. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, તેમને પેઢી તરફથી માસિક ૧૦,૦૦૦ પગાર ચૂકવાયો હતો.

ફરિયાદીનો આક્ષેપ છે કે આરોપી રોહિતભાઈએ પેઢીની રૂ. ૧.૦૮ કરોડની રકમનો હિસાબ આપ્યો ન હતો. એક દિવસ સાંજના સમયે કોઈને જાણ કર્યા વિના તેઓ ઓફિસમાંથી નીકળી ગયા હતા. ત્યારબાદ સહકર્મચારીઓએ તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. તેમનો મોબાઈલ ફોન બંધ આવતો હતો.

ફરિયાદ મુજબ, આશરે દોઢ મહિના બાદ આરોપીનો સંપર્ક થયો હતો. પેઢીની રકમ અંગે હિસાબ આપવા માટે તેઓ સમય પસાર કરતા હતા. ત્યારબાદ પણ હિસાબ રજૂ કરાયો ન હોવાનું ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.આ સમગ્ર ઘટનામાં આરોપીએ પેઢીની રૂ. ૧ કરોડ ૮ લાખની રકમ પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખી હોવાનું ફરિયાદી દ્વારા આક્ષેપ કરાયો છે.આ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બહેનને તેડવા ગયેલા ભાઈના કાનમાં બનેવીના ભાઈએ બચકું ભરી લીધું!

## બહેન અને બનેવી વચ્ચે તકરાર થયા બાદ યુવક બહેનને તેડવા ગયો હતો

જસદણ:જસદણ તાલુકાના દેવપરા ગામે બહેનને સાસરેથી તેડવા ગયેલા યુવક પર તેના સાસરીપક્ષના લોકોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. બહેન અને બનેવી વચ્ચે તકરાર થયા બાદ યુવક તેને તેડવા ગયો હતો. વાડીએ બોલાવી તેની સાથે બોલાચાલી કર્યા બાદ ઝપાઝપી થઈ હતી.

આ દરમિયાન બનેવીના ભાઈ મુન્નાએ યુવકના કાન પર દાંત વડે જોરથી બચકું ભરતાં ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેના કાનની સર્જરી કરી હતી.

જસદણના વેરાવળ (ભાડલા) ગામે રહેતા રાયધનભાઈ ગોરધનભાઈ કોબીયા (ઉં.વ. ૩૨)ની બહેન અને તેના પતિ સંજય વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી. ત્યારબાદ સાસરીપક્ષ તરફથી રાયધનભાઈને ફોન કરીને બહેનને તેડી જવા માટે જણાવવામાં આવ્યું હતું. જેથી રાયધનભાઈ ગત તા. ૫ની રાત્રે આશરે ૧૧ વાગ્યાના અરસામાં દેવપરા ગામે પહોંચ્યા હતા.

દેવપરા પહોંચ્યા બાદ તેમને વાડીએ બોલાવવામાં આવ્યા હતા. ત્યાં બનેવી સંજય, સંજયનો ભાઈ મુન્નો તથા ભાયાભાઈ સહિતના શખ્સો સાથે તેમની બોલાચાલી થઈ હતી. બોલાચાલી ઉગ્ર બનતાં બંને પક્ષ વચ્ચે ઝપાઝપી થઈ હતી. દરમિયાન મુન્નાએ રાયધનભાઈના કાન પર દાંત વડે બચકુ ભર્યું હતું, જેના કારણે કાનમાં ગંભીર ઈજા થઈ હતી.

બાદમાં ઈજાગ્રસ્ત રાયધનભાઈને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ તપાસ બાદ તેમના કાનની સર્જરી કરી હતી. બનાવની જાણ થતાં જસદણ પોલીસ સ્ટેશનના પીએસઆઈ સોલંકી સહિતનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો અને રાયધનભાઈની ફરિયાદ નોંધી વધુ તપાસ તથા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.